
॥ श्रीगोकुलेन्दुर्जयति ॥

વૈષ્ણવ બાલશિક્ષા.

(બીજો ભાગ).



ચતુર્થ ભવન પીઠાધીશ્વર ગોસ્વામી શ્રી. ૬
શ્રીવલ્લભાચાર્યજી મહારાજની આજ્ઞાથી,

લેખક:--દીનકિંકર.

પ્રકાશક:--વસંતરામ શાસ્ત્રી.

મુદ્રક:-સોમાભાઈ મંગળદાસ શાહ,
ધી ગુજરાત પ્રિન્ટીંગ પ્રેસ, પાંચકુવા અમદાવાદ.

પ્રત ૫૦૦૦] [સન ૧૯૨૪.

[illegible] આના.

નિવેદન.

વૈષ્ણુવબાલશિક્ષાના પહેલા ભાગની બે આવૃત્તિઓ થઇ. ૧૦ હજાર નકલો છપાઈ ગઇ. વૈષ્ણુવ વિદ્વાનોએ અને પાઠશાળાઓએ એનો ખૂબ આદર કર્યો.

તુરત જ બીજા ભાગની એકદમ માગણીઓ આવવા માંડી. બાલકો માટે ગ્રંથ રચવો એ કાર્ય અત્યંત મુશ્કેલમાં મુશ્કેલ છે. અઘરા ગ્રંથો કે લેખો લખવાં તદ્દન સહેલાં છે. બાલશિક્ષા માટે શાંતિ તથા પુષ્કળ અવકાશની જરૂર હોવી જોઇએ. તે મારા ભાગ્યમાં હાલતો નથી. અનેક પ્રવૃત્તિનાં મે.જાઓ આમથી આમ અફાળે છે. આ સ્થિતિમાં ભાઇ દીન ઠિંકર વિના બીજું કોણ સહાય કરે ?

થોડાજ સમયમાં મારી ધારણા ભાઈ દીન ઠિંકરે પૂરી કરી, કે જેના ફલરૂપે આ બીજો ભાગ પ્રકટ કરૂં છું. ભાઇ દીન ઠિંકરે નડિયાદની રાષ્ટ્રીય શાળાના અધ્યાપક તરીકે દરરોજ નાનાં નિર્દોષ બાલકોનો સહવાસ મેળવી લીધો છે. એટલે તેમના લેખમાં શી મણા હોય ?

શ્રીવિઠ્ઠલનાથમહોત્સવ
સં. ૧૯૮૦

વસંતરામ શાસ્ત્રી.

પ્રસ્તાવના.

એક વાર વિચારતાં એમ થયું કે જો બાળકો ને સ્ત્રીઓ એ એનાં વર્તન ધાર્મિક થાય તો વિશ્વને ધર્મમય બનતાં વાર ન લાગે. બાળક પર પડેલા ધર્મસંસ્કાર ચિરસ્થાયી છે. આ સેવક પોતાના અનુભવે કહે છે કે નવ વર્ષની બાળવયમાં મહાભારતની કથામાંથી મારા રામનામના જપ ચાલુ થએલા, તથા અગિઆર વર્ષની ઉંમરે તો રામાયણ, મહાભારત તથા જાળંધરાખ્યાન પૂરાં ને શ્રીમદ્ભાગવતના કેટલાક પ્રસંગો સાંભળેલા તેથી મનપર ઘણી અસર થઇ હતી. એ અસરનું પરિણામ શ્રીવલ્લભ પ્રભુનું શરણ છે.

આ કરતાં પણ જો ગર્ભવાસથીજ માતા મારફતે બાળકમાં ધર્મસંસ્કાર પોષાય તો બાળક કોઈ અલૌકિક ઉદ્ભવે. શ્રીશુકદેવજીનો ને અભિમન્યુનો દાખલો મોજુદ છે. જો ગર્ભવાસ સમયે સ્ત્રી શ્રીનાથજીનાં કે શ્રીમહાપ્રભુજીનાં કે પ્રભુના કોઈપણ સ્વરૂપનાં દર્શન સદાજ કર્યા કરે તો બાળક દેવ જેવુંજ જન્મે.

મીણ જેવું કોમળ ને ભાવિક પુષ્પશું સ્ત્રીહૃદય પણ તેવુંજ ધર્મસંસ્કાર ગ્રહણ કરનાર છે. માટે બે વસ્તુ સુધરે તો જગત સુધર્યુંજ જાણવું.

આ વિચારના ફળરૂપ આ બાલશિક્ષા છે. ઉત્તરોત્તર એવી નાની ચોપડીઓ લખી આનંદથી બાળકને પોતાના ધર્મની ખબર પડે માટે જનસમૂહ સમક્ષ આ સેવક રજુ કરશે. ભલે, બાળકને વારસામાં પૈસા ન અપાય, પણ જે ધર્મ બાળકને વારસામાં આપે તો તેવાં માબાપને ધન્ય છે. ધર્મ એજ ધન છે. પહેલાંના વખતમાં બાળકોને માત્ર ધર્મનુંજ શિક્ષણ આપવામાં આવતું. જેના હૃદયમાં ધર્મ ઉતર્યો, તે દુનીઆનું કોઇ પણ કાર્ય ફતેહમંદ રીતે કરી શકે. વિદ્યા ધર્મ સાથે આવે તો ઉપયોગી છે. નીતિ ને ધર્મ વગરની વિદ્યા વધારે પાપનાં નાખનારી છે. આ સેવક તો એજ વિચારનો છે કે બાળકને સ્વધર્મ સિવાય બીજી નકામી સંશયી કેળવણીજ ન આપવી. પ્રેમ, સંયમ, દયા ને ભક્તિ આ ચારજ વસ્તુનું યથાર્થ જ્ઞાન ને અનુભવ બાળકને આપવાં જોઇએ, અને આ સંસ્કારો માબાપોએ તેવા બની બાળક પર નાખવા જોઇએ.

આશા છે કે, આ પુસ્તકને વાચકો વધાવી લેશે, અને તેનો સદુપયોગ કરી લાભ લેશે.

દીન કિંકર.

બાલશિક્ષા ભાગ બીજો.

વૈષ્ણવબાલશિક્ષા.

(ભાગ બીજો.)

પાઠ ૧ લો.

પ્રભુને પ્રકટ થવાનાં કારણો.

ગુરુજી—ભાઇઓ, જ્યારે આ જગતમાં પાપ બહુ થાય છે; ને પુણ્ય ઓછું થઇ જાય છે; ત્યારે એ પાપ કરનારાને મારવા અને સારા માણસોને સુખી કરવા ભગવાન આવે છે.

કોઇ પવિત્ર માણસને ઘેર એ પ્રભુ જનમ લે છે.

કનુ—ગુરુજી; એવી એક ભગવાનની વાત કહો. અમને સાંભળવાની મજા પડે છે. તે દિવસે તમે વિદુરની ભાજી ભગવાને ખાધી હતી, તે વાત કહી હતી, તે મેં ઘેર જઇ મારી બાને કહી. મારી બા તો રાજી રાજી થઈ ગઇ.

ગુરુજી—સાંભળો ત્યારે.

એકવાર આ જગતમાં પાપનો ભાર બહુ થઇ ગયો. ભક્તોને, બ્રાહ્મણને, ગાયને ને બીજા બીચારાં ગરીબ

પ્રાણીને કોઇ દુઃખ દે; ત્યારે પાપ થાય. પાપ બહુ વધી ગયું, ત્યારે આપણી આ ભોંય ગાય માતાનું રૂપ લઇને બ્રહ્મા કરીને એક દેવ છે, તેમની પાસે ગયાં એટલે તરતજ બ્રહ્માજીએ તો બધા દેવ લોકને બોલાવ્યા. બધા દેવ ભગવાનની પાસે આવ્યા. ગાય માતા રૂપે પૃથ્વી પણ તેમની જોડે આવ્યાં.

પછી બ્રહ્માજીએ ભગવાનનું ભજન કર્યું. એટલે ભગવાને આકાશમાંથી કહ્યું કે હે દેવલોકો, હું મથુરામાં જનમ લેવાનો છું, ને આ બધાં પાપો મટાડવાનો છું, ને સારા માણસોનું, ને મને ભજે છે તેમનું સારૂં કરવાનો છું, માટે હવે તમે તમારે ઘેર જતા રહો. દેવો ખુશી થઈ પોતપોતાને ઘેર ગયા; અને ગાય માતા રાજી થઈ આ પૃથ્વી પર આવ્યાં.

પાઠ ૨ જો
વસુદેવ ને દેવકીજી.

કનુ—ગુરુજી, કાલે તમે વાત કહી હતી; તે વાત મેં ઘેર જઇ મારી બાને ને મારા બાપાને કહી, તે તો બહુ રાજી રાજી થઇ ગયાં. મારા મોટાભાઇ પણ સાંભળતા હતા; તેમણે તો મને ખુશી થઇ આ એક નાની દાબડી રમવા માટે આપી. કાલ વાળી વાત આગળ કહો.

ગુરુજી—મથુરામાં કંસ કરીને એક રાજા હતો, તે બહુજ જુલમી હતો; એણે એના બાપને કેદમાં નાંખ્યો અને પોતે ગાદી પર બેસી ગયો. હવે માબાપને તો સવારમાં ઉઠીને પગે લાગવું જોઇએ, વળી તેઓ કહે તે મુજબ કરવુ જોઈએ, જો એમ ન કરીએ તો પ્રભુને ગમતું નથી ને પ્રભુ રિસાય છે.

વળી કંસે બીજા પવિત્ર માણસોને પણ દુઃખ દેવા માંડયું એટલે ભગવાનને ના ગમ્યું. એણે ગાય બ્રાહ્મણને ને ભક્તને બહુજ પજવવા માંડયા. તેથી ભગવાને મથુરામાં જનમવાનો વિચાર કર્યો.

કંસને દેવકીજી કરીને એક બહેન હતાં; તે કંસની કાકાની દીકરી બેન થાય. તેમને નાનાં મુકીને કસના કાકા મરી ગયા હતા એટલે કંસે તેમને ઉછેર્યાં હતાં; તે બહુ પવિત્ર હતા. વહાણામાં વહેલા ઉઠી તેઓ પહેલાં ભગવાનનું ભજન કરીને પથારીમાંથી પગ કાંઢે; બધાં મોટાંને પગે લાગે. હમેશાં સાચું બોલે. દરરોજ વખતસર નહાયધુએ, ને ચોકખાં રહે. તે મોટાં થયાં એટલે કંસે **વસુદેવજી** નામના એક છોકરાને પરણાવ્યાં. વસુદેવજી પણ પવિત્ર હતા, તે પણ ભગવાનના ભક્ત ને સાચાબોલા હતા. હવે કંસે તો પોતાની પવિત્ર બેન ભગવાનના ભક્ત વસુદેવજીને પરણાવ્યાં પછી

બહુ પૈસા ને સરપાવ આપ્યો, અને બેઉને પોતાના રથમાં બેસાડીને એમને ઘેર મુકવા જતો હતો, એટલામાં આકાશમાંથી વાણી થઈ કે હે કંસ, એ દેવકીજીનો આઠમો પુત્ર તને મારી નાખશે.

આ સાંભળી કંસ તો બી ગયો; તે તરવાર તાણી દેવકીજીને મારી નાખવા મંડયો; એટલે વસુદેવજીએ તેને સમજાવ્યો, અને કહ્યું કે એને જેટલા છોકરા જનમશે તે બધા હું હે કંસ, તને આપીશ. ને તારી બેનને મારીશ તો તને પાપ લાગશે. કંસ સમજી ગયો, ને વસુદેવ દેવકીજીને જેલમાં પૂરી દીધાં.

આ શ્રી **વસુદેવ-દેવકીજીને** ઘેર કેદખાનામાં શ્રી ભગવાન જનમ્યા હતા.

પાઠ ૩ જો.

બળદેવજી ને માયા.

ભગુ—ગુરુજી, કાલની વાતમાં તો અમને બહુજ મજા પડી, આવી વાતો રોજ રોજ કહો તો કેવું સારૂં ?

ગુરુજી—ગઈ કાલની વાત કોણ કહેશે ?

કનુ—ગુરુજી, હું કહી જાઉં છું.

કનુ બધી વાત કહી ગયો. એટલે ગુરુજીએ આગળ વાત કહેવા માંડી.

ગુરુજી—દેવકીને એક છોકરો જનમ્યો, તેને લઇને વસુદેવજી કંસને આપવા ગયા, કારણ કે એમણે વચન આપ્યું હતું. પવિત્ર માણસો હમેશાં દુઃખ પડે તો પણ પોતાનું બોલેલું પાળે છે.

કંસે તે છોકરાને મારી નાખ્યો; એમ કરતાં બીજો છોકરો જનમ્યો તેને પણ મારી નાખ્યો; એમ છ છોકરા મારી નાખ્યા. હવે વસુદેવજીનાં બીજાં સ્ત્રી રોહિણીજી કરીને હતાં. દેવકીજીને સાતમો પુત્ર અવતરવાનો હતો એટલે ભગવાને માયાને કહ્યું કે હે, માયા, તું દેવકીજીના પેટમાંથી પુત્રને લઇને રોહિણીજીના પેટમાં મુકી આવ, એટલે માયાએ તેમ કર્યું, તેથી રોહિણીજીને પેટે સાતમા પુત્ર જનમ્યા. તેમને રોહિણીજીએ ઉછેરી મોટા કર્યા, આ તે શ્રીકૃષ્ણના મોટા ભાઇ શ્રીબળદેવજી. એ બહુ બળવાન હતા માટે શ્રીબળદેવજી કહેવાય છે.

કનુ—ગુરુજી, માયા એ કોણ હતી ?

ગુરુજી—કનુ, માયા એતો ભગવાનની એક શક્તિ છે, જ્યારે જરૂર પડે ત્યારે ભગવાન તેને મોકલે છે. તે ભગવાન કહે તે કામ કરે છે. બધા દેવો જેમ ભગવાનના સેવક છે; તેમ આ માયા પણ ભગવાનની

દાસી છે. જેમ દેવો ભગવાનના હુકમ પ્રમાણે કામ કરે છે; તેમ આ માયા પણ ભગવાનના હુકમ પ્રમાણે વર્તે છે. આવતી કાલે ભગવાનના જનમની વાત કહીશું.

પાઠ ૪ થો

શ્રીકૃષ્ણનું પ્રાકટ્ય.

બાબુ—ગુરુજી, કાલે તો મને રાતે ઉંઘ પણ આવી નહિ, કારણ કે ભગવાનના જનમની વાત સાંભળવાની બહુજ મજા પડશે એ વિચારમાં ને વિચારમાં ઉંઘજ ન આવી

ભગુ—ગુરુજી, સાચું પૂછો તો મને તો આખી રાત એમજ થા થા કરે કે કયારે સવાર થાય ને ગુરુજી પ્રભુજીના પ્રકટ થયાની વાત કહે ? હું તો રોજ મારે ઘેર સાંજે મારાં દાદીને તથા બીજાંને તમે કહો છો તે વાત કહું છું. મારી મા તો વાત સાંભળીને મારે માથે હાથ મુકે છે; ને મને આશિષ આપે છે.

ગુરુજી—હવે તો દેવકીજીને ઘેર કેદખાનામાં ભગવાન પ્રકટ થશે, તે વાત બરાબર સાંભળો. દેવકીજી ને વસુદેવજી કેદખાનામાં ભગવાનનું બહુજ ભજન કરતાં, તેથી તથા પહેલાં ભગવાને વચન આપ્યું હતું કે હું તમારે ઘેર

જનમ લઈશ તેથી ભગવાને દેવકીજીના શરીરમાં પ્રવેશ કર્યો. એટલે દેવકીજીનું તેજ બહુ વધ્યું; દેવોને પણ ભગવાને કહેલું એટલે તેમણે પણ જાણ્યું કે દેવકીજીને ત્યાં ભગવાન જનમવાના છે; ભગવાન પૃથ્વી પર પધારવાના એટલે પૃથ્વી પણ બહુ રૂપાળી લાગવા માંડી, પવન પણ મીઠો મીઠો વાવા લાગ્યો. ઝાડો પણ બહુજ લીલાં દેખાવાં લાગ્યાં. આખી પૃથ્વી પર આનંદ આનંદ થઈ ગયો. તેની સાથે પાપી માણસોને પીડા થવા લાગી. કારણ કે ભગવાન તો પાપીઓને મારનારા છે; બધા ભક્તો તો ખુશી ખુશી થઈ ગયા. જ્યારે શ્રાવણ વદિ ૮ આવી ત્યારે ભગવાન અદ્ધરથી વસુદેવ દેવકીજીની પાસે જેલમાં પધાર્યા. એટલે તો ત્યાં અજવાળું અજવાળું થઈ ગયું. વસુદેવ દેવકીજી ભગવાનને પગે લાગ્યાં ને સ્તુતિ કરી. દેવકીના મનમાં તો હરખ માય નહિ. તેઓ તો આનંદથી આંખોમાંથી આંસુ પાડવા લાગ્યાં; પણ કંસની બીક હતી; એટલે ભગવાને કહ્યું કે મને તમે ગોકુળમાં નંદરાયજીને જશોદાજીને ઘેર હમણાંને હમણાંજ મુકી આવો. એમ કહી પોતે નાના બાળક બની ગયા.

ભગવાન પધાર્યા એટલે વસુદેવ દેવકીજીની બેડીએ તુટી ગઈ. વસુદેવજીએ પ્રભુને એક ટોપલીમાં સુવાડ્યા

દેવકીજીનો તો જીવ ચાલે નહિ ને રડવા મંડી પડયાં, પણ વસુદેવજીએ ધીરજ આપી છાનાં રાખ્યાં. પછી વસુદેવજી પ્રભુને લઇને ચાલ્યા. કેદખાનાનાં બારણાંનાં તાળાં એની મેળે તડાક તડાક ઉઘડી ગયાં. ભગવાને માયાને કહ્યું કે, આ બધા ચોકીદારોને ઉંઘાડી દે. એટલે માયાએ ચોકીદારોને ખૂબ ઉંઘ મુકી એટલે બધા ઉંઘી ગયા. વસુદેવજી તો પ્રભુજીનું ભજન કરતા કરતા ચાલ્યા જાય છે. તે વખતે ચોમાસું હતું, એટલે વાદળમાંથી ધીમો ધીમો વરસાદ પણ પડતો હતો. પ્રભુ છાંટાથી ભીંજાય નહિ, માટે શેષ નાગે પ્રભુ ઉપર ફેણ માંડી, વીજળીઓ પણ ઝબાઝબ ઝબાઝબ થવા માંડી. એ પ્રભુના તથા વિજળીના અજવાળે વસુદેવજી જમનાજીને કિનારે આવી પહોંચ્યા. જમનાજી તો બે કાંઠે વહે છે, ખૂબ પાણી ભરેલું છે, પણ પ્રભુજી પધાર્યા એટલે જમનાજીએ પાણીના બે ભાગ કર્યા. જમનાજીએ માર્ગ દીધો એટલે વસુદેવજી પ્રભુજીને માથે લઇ જમનાજીમાં ચાલ્યા. વચમાં પ્રભુનાં ચરણસ્પર્શ કરવાનું મન જમનાજીને થયું એટલે ભગવાને ટોપલામાંથી ચરણ નીચે લટકાવ્યાં. જમનાજી તો પ્રભુના ચરણનો સ્પર્શ કરી શાંત થઇ ગયાં, ને રાજીરાજી થઇ ગયાં પછી

વસુદેવજી ગોકુળમાં આવ્યા ને નંદરાયજીને ઘેર ગયા. શ્રીનંદરાયજીનાં સ્ત્રી શ્રીજશોદાજીને પેટે પુત્રી જન્મી હતી. આ પુત્રી તે ભગવાનના હુકમથી માયા અવતરી હતી. તેને લીધી ને ભગવાનને છાનામાના શ્રી જશોદાજીની સોડમાં મુકી દીધા. શ્રીજશોદાજી ઉંઘમાં હતાં, તેથી જાણ્યું નહિ. વસુદેવજી તે માયારૂપ પુત્રીને લઇને પાછા આવ્યા એટલે બધાં કેદખાનાનાં બારણાં એની મેળે વસાઈ ગયાં, ને વસુદેવ દેવકીજીના પગમાં બેડીઓ પણ જડાઈ ગઈ.

દેવકીજી પ્રભુને કેમે કરી વિસરે નહિ, પણ બિચારાં શું કરે?

પાઠ ૫ મો.

ગોકુળમાં આનંદ.

ગુરુજી—ગઈ કાલે વસુદેવજી ભગવાનને ગોકુળમાં શ્રીનંદ-જશોદાજીને ઘેર મુકી આવ્યા, ને તેમને ત્યાંથી માયા કે જે છોડી રૂપે જનમી હતી; તેને પોતાને ઘેર લાવ્યા એ વાત કહી

ભગુ—ગુરુજી, આ વાત તો અમે કદી ભૂલવાનાજ નથી. પ્રભુની શી કળા! એની શી ચતુરાઈ? મને તો આપે કહેલી આ વાત ક્યારે વિસરતી નથી.

કેનુ—ગુરુજી, એ અંધારૂં, એ વિજળીઓ, એ ઝરમર ઝરમર વરસાદ, એ વસુદેવજીનું જમનાજીની પાર જવું; આ બધું જો તે વખતે આપણે હોત તો જોવાની કેવી મઝા પડત! ગુરુજી આ વાત સાંભળી રાજી રાજી થઈ ગયા, ને આનંદમાં આવી આગળ વાત કહેવા લાગ્યા.

ગુરુજી—વસુદેવજી જે પુત્રી લાવ્યા તે કેદખાનામાં આવતાં તરતજ રડી પડી, એટલે કંસના ચોકીદારો દોડયા. કંસ તો વાત સાંભળતાં દોડતો દોડતો આવ્યો, ને બેનના હાથમાંથી છોડી લઈ લીધી. બિચારાં દયાળુ દેવકીજીએ બહુ કાલાવાલા કર્યા, પણ કશું વળ્યું નહિ. કંસ જેવો બે પગ ઝાલી પત્થરપર પછાડવા જાય છે કે તે હાથમાંથી ઉડી ગઈ ને ઉંચેથી બોલી કે:—"હે કંસ, તને મારનાર તારો દુશ્મન તો શ્રીગોકુળમાં પ્રકટ થઈ ગયો છે."

કંસ આ સાંભળી બહુજ ગભરાયો, ને પોતે આજ સુધી બેન બનેવીને જે દુ:ખ દીધું, તેની માફી માગવા લાગ્યો. વસુદેવ દેવકીજીને જેલમાંથી કાઢયાં. પણ કંસને માયાએ કહ્યું, તેથી જંપજ ન વળે. હવે શું કરવું એજ વિચાર કરે.

અહીં ગોકુળમાં જશોદાજીને ખબર પડી કે પોતાને પુત્ર જનમ્યો છે, એટલે તેમણે તરતજ નંદરાયજીને વાત કરી. શ્રીનંદરાયજી બહુ ઘરડા થઈ ગયા હતા ને ઘડપણમાં પુત્ર થયો એટલે રાજી રાજી થઈ ગયા. આખા ગોકુળમાં જરાક વારમાં ખબર થઈ ગઈ. શ્રી નંદરાયજી બહુ મોટા અને બધાના ઉપરી હતા, એટલે બધાંને આનંદ થયો. સવાર થતાં તો નંદરાયજીને ઘેર જબરી ભીડ થઇ, એક આવે, ને એક જાય, કોઈ મોતીએ, કોઈ કંકુએ, કોઈ ફુલો વતી વધાવે. કોઈ કોઈ તો ટોપી તથા પહેરણની ભેટો લાવ્યાં. શ્રીગોપીજનો જાણે ઘેલાં ઘેલાં બની ગયાં, ગોવાળીઆ પણ બધા બહુ આનંદથી નાચવા લાગ્યા, પોતે શુકનની વસ્તુ દહીં, દૂધ, હળદર વગેરે ખૂબ છાંટવા લાગ્યા. ગાયો પણ આનંદથી આંસુ પાડવા લાગી. બધાં ગોકુળનાં ઝાડ પણ પ્રભુને નમી પડયાં, ને પ્રભુને પાંદડાંથી, ફુલોથી તથા ફળવડે વધાવવા લાગ્યાં. શો આનંદ ! બધેજ આનંદ આનંદ ! ! બધે લહેર, કોઈ તો મીઠાં મીઠાં ગીતો ગાય છે. તે ગીતો તો જાણે વેદની શ્રુતિઓ ગાતી હોય એવાં વહાલાં લાગે છે. દેવો તો ખડખડ હસતા આકાશમાં વિમાનમાં રહીને પ્રભુજીને નીરખવા લાગ્યા ને દિવ્ય

ફુલોએ વધાવવા લાગ્યા. કેટલાક દેવોને તો ગોકુળમાં રમવા આવવાનું મન થઈ ગયું, પણ બિચારાથી ઉતરાયું નહિ. મહાદેવજી એકલા પ્રભુનાં દર્શન કરવા શ્રીજશોદાજીને ઘેર આવ્યા ને ગોવાળીઆં જોડે છાના-માના ખૂબ રમ્યા. બધા દેવોએ ને મહાદેવજીએ ભગવાનની સ્તુતિ કરી. પ્રભુ તો બાળ રૂપાળા હતા ને આ બધો આનંદ નિરખતા હતા. આખું ગોકુળ રૂપાળુ રૂપાળું ને આનંદવાળું થઈ ગયું. આખી દુનીઆને શાંતિ થઈ. એકલા કંસને મહાદુઃખ થયું. નંદરાયજીએ પોતાના આનંદમાં સવા લાખ ગાયોનું દાન કર્યું.

પાઠ ૬ ઠ્ઠો.

પૂતનાનો મોક્ષ.

કનુ—ગુરુજી, કંસને બહુ દુઃખ થયું, તેનું શું કારણ? તે અને ગઈ કાલે કહેવી વાત આગળ કહો.

ગુરુજી—માયા હાથમાંથી છટકી ગઈ, તેણે કંસને કહ્યું કે તને મારનારો તો ગોકુળમાં પ્રકટ થયો છે, તેથી તેને બહુ દુઃખ થયું. તેને ખાવાનું ભાવે નહિ. સુવાનું ગમે નહિ, બેસવાનું ગમે નહિ. પછી બધા પ્રધાનો સાથે એકઠા થયા ને કંસના દુશ્મનને મારી નાખ-

વાની કળાઓ કરવા માંડી. પ્રથમ કંસને પૂતના નામે એક બેન હતી, તેણે વ્રજભૂમિનાં બધાં નાનાં છોકરાંને મારી નાખવાનું માથે લીધું. તે વ્રજનાં બાળકોને મારતી મારતી શ્રીજશોદાજીને ઘેર આવી, તે વખતે તેણે સોળ વરસની છોડીનું રૂપ લીધું હતું. તે છાતીપર ઝેર ચોપડીને આવી હતી, તેણે વિચાર્યું કે હું ભગવાનને ધવરાવીશ. તે ધાવશે એટલે ઝેર ચઢશે ને મરી જશે.

પૂતના આવ્યાની વાત ભગવાને જાણી એટલે તે આંખો મીંચી ગયા. બધી રમાડવા આવેલી ગોપીઓ તથા શ્રીજશોદાજી પણ આનું રૂપ જોઈ વિચારમાં પડી ગયાં અને આઘાં ખસી ગયાં. **પૂતનાએ** ભગવાનને ખોળામાં લીધા ને રમાડતાં રમાડતાં ધવડાવવા માંડયા. ભગવાન ધાવવા લાગ્યા. ધાવતાં ધાવતાં ધાવણ સાથે એનો જીવ પણ ભગવાને ચુસી લીધો ને માસી પૂતનાને મારી નાખી. તે મોટી પર્વત જેવડી થઇને મોઢું પહોળું કરીને પડી; આ જોઇને શ્રી-જશોદાજી એકદમ દોડી આવ્યાં, ને ભગવાનને લઇ લીધા બધા લોક દોડી આવ્યા ને પ્રભુની આસનાવાસના કરવા લાગ્યા.

શ્રીનંદરાયજી તે દિવસે કંસને ગાયો ચારવાની જગાનું ભાડું આપવા ગયા હતા. તે ત્યાંથી પાછા આવતા હતા, ત્યારે તેમણે પૂતનાની વાત જાણી, એટલે દોડતા આવ્યા, ને આવીને ઘર આગળ જોયું તો મોટા પર્વત જેવડી પૂતના પડેલી દીઠી. તેમણે તથા બીજા ગોવાળોએ એકઠા થઈને તેના શરીરના કકડા કરીને ગામ બ્હાર ઉંચકી જઈને બાળી. બાળતી વખતે તેના શરીરમાંથી સુખડના ધૂપના જેવી સુગંધી નીકળી.

ભગુ—ગુરુજી, એના શરીરમાંથી સુગંધી શાથી નીકળી ?

ગુરુજી—ભગુભાઈ, પૂતનાને ભગવાન ધાવ્યા તેથી તેના શરીરમાંથી પાપ જતું રહ્યું ને બાળતી વખતે સુગંધી નીકળી ને તેને ફરી જનમ ન લેવો પડ્યો. ભગવાન બચ્યા તેથી બધા ગોવાળીઆ પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા, ને આનંદથી રહેવા લાગ્યા.

પાઠ ૭ મો.

શકટાસુર અને તૃણાવર્ત.

બાબુ—ગુરુજી, એ પૂતના નાની હતી, ને મરતી વખતે મોટી કેમ થઈ ગઇ તે મને કાલે સમજાયું નહિ.

ુરુજી—ભાઇઓ, રાક્ષસો માયાવી હોય છે, તે ફાવે તેવું રૂપ લઇ શકે છે પણ મરતી વખતે તેનું જે હમેશનું રૂપ હોય તે બની જાય છે. પૂતના એ પર્વત જેવડી હતી પણ કપટ કરવા તથા પ્રભુજીને મારવા આવેલી તેથી સોળ વરસની બની હતી, પણ કપટી માણસ પોતાના કપટથીજ મરી જાય છે, તેમ તે મરી ગઇ. પ્રભુ કપટીનું ભલું કરતોજ નથી.

નુ—ગુરુજી, હુએ તો હું પણ સમજ્યો નહોતો, પણ મને પૂછતાં શરમ આવી. હવે આગળ વાત કહો.

ુરુજી—તમને ન સમજાય તે પૂછજો. હું સમજાવીશ. પૂતના મરી ગયાની વાત કંસે જાણી એટલે તેને મહા દુઃખ થયું, તેણે હવે બીજી કળાઓ પ્રભુને મારવા માટે કરવા માંડી. એક બીજા શકટાસુર નામના રાક્ષસને મોકલ્યો; તે ગાડા જેવો હતો. તે શ્રીનંદરાયજીને બારણે આવીને કોઇને ખબર ન પડે તેમ પડયો; તે ગાડાની નીચે જશોદાજીએ ભગવાનને સુવાડયા ને જશોદાજી ઘરમાં કામ કરવા ગયાં. ભગવાને એક લાત મારી ગાડાના કકડે કકડા કરી નાખ્યા. જશોદાજી આ ધડાકો સાંભળી ઓચિંતા દોડી આવીને પ્રભુને લઇ લીધા. કોઇ કહે છે કે આ નાને છોકરે ઝોળીમાં સુતાં સુતાં લાત મારી તેથી ગાડું ભાગી

ગયું કોઇએ તે વાત માની ને કોઇએ ન માની પણ પ્રભુને વાગ્યું નહિ તેથી બધાં ખુશી થયાં ને દેવની સ્તુતિ કરવા લાગ્યાં.

કંસને આ વાતની ખબર પડી એટલે તે બહુજ બીન્યો ને તૃણાવર્ત નામના રાક્ષસને પાછો ગોકુળ મોકલ્યો. જશોદાજી પ્રભુને ભોંયપર રમતા મૂકી ઘરમાં કામ કરતાં હતાં. ત્યાંથી તૃણાવર્ત ભગવાનને ઉંચકીને વાવંટોળ કરીને નાશી ગયો, ગોકુળમાં તો મોઢે મોઢું સૂઝે નહિ. પછી પ્રભુએ પોતાના શરીરનો ભાર ખૂબ વધાર્યો, એટલે તૃણાવર્તથી પ્રભુનો ભાર ન ઉંચકાયો એટલે નીચે પડયો ને ટીચાઇને પછડાયાથી મરી ગયો. જશોદાજીએ દોડી આવી ભગવાનને લઇ લીધા, ને શરીર તપાસ્યું, પ્રભુને છાતીએ દાબ્યા. પ્રભુને વાગ્યું નહોતું તેથી ખુશી થયાં.

ભગુ—ગુરુજી, શ્રીનંદ જશોદાજીને ઘેર ભગવાન શાથી પધાર્યા ને કેમ બીજાને ત્યાં ન પધાર્યા ?

ગુરુજી—પૂર્વ જનમમાં શ્રીનંદ જશોદાજીએ ભગવાનનું બહુ ભજન કર્યું હતું. પ્રભુ પ્રસન્ન થયા ત્યારે બન્ને જણાંએ વરદાન માગ્યું કે, તમારા જેવો પુત્ર અમને રમાડવાનો મળે. આથી પ્રભુ પોતે તેમને ઘેર અવતર્યા ને રમ્યા.

પાઠ ૮ મો.

પ્રભુની ગંમત.

ગુરુજી—શ્રીનંદરાયજીને ઘેર વસુદેવજીના બે બાળક ઉછરતાં હતાં, એક તો રોહિણીજીના પુત્ર ને બીજા જશોદાજીના પુત્ર જે ભગવાન તે.

તેમનાં નામ પાડવા માટે વસુદેવજીએ ગર્ગાચાર્ય નામે મુનિને મોકલ્યા. આ ગર્ગાચાર્યને છાનામાના મોકલ્યા. હતા; કારણ કે, કંસ જાણી જાય નહિ. તે ગર્ગમુનિ શ્રીનંદરાયજીને ત્યાં આવ્યા; એટલે શ્રીનંદરાયજીએ તેમને આસન આપી બેસાડયા ને તેમની પૂજા કરી પગે લાગ્યા. પછી તેમને કહ્યું કે તમારે ઘરડે ઘડપણ પુત્ર પ્રકટયા તેની ખબર સાંભળી જોષ જોવા આવ્યો છું. શ્રીનંદરાયજી બહુ રાજી થયા ને કહ્યું કે મારાં ભાગ્ય છે કે તમે પધાર્યા છો.

ગર્ગાચાર્ય—રોહિણીનો પુત્ર તો બધાંને રમાડે છે, માટે તેમનું નામ રામ કહેવાશે. તે બહુ બળવાન છે; માટે બળદેવજી કે બળરામ પણ કહેવાશે. તે શ્રી જમનાજીને ખેંચી જશે તેથી સંકર્ષણ પણ કહેવાશે. આ તમારો નાનો બાલક રંગે જરા શ્યામ છે; માટે કૃષ્ણ કહેવાશે. તેમનું બીજું નામ વાસુદેવ પણ પડશે

એ સાક્ષાત પ્રભુ છે. એ આખા વ્રજને સુખી કરશે. જે ભાગ્યશાળી આ તમારા દીકરામાં પ્રેમ રાખશે તે સુખી થશે. આ પુત્ર ઘણા રાક્ષસોને મારશે. પછી શ્રીનંદરાયજીએ દક્ષિણા આપી તે લઇ ગર્ગમુનિ મથુરા ગયા.

અહીં શ્રીકૃષ્ણ તથા બળદેવજી ઘુંટણે ચાલવા લાગ્યા. તેથી કાદવમાં રમવા જતા રહેતા, તેથી તેમને લાવીને શ્રીજશોદા માતા ધવરાવતાં હતાં. કેટલીક વાર તો વાછરડાનાં પૂછડાં ઝાલી તેમને ગોળ ફેરવતા. રમતમાં બાળકોને પણ પજવતા હતા. જેમ જેમ મોટા થયા તેમ તેમ બહુ તોફાન કરવા લાગ્યા. વાછરડાં ધવરાવી મૂકે, તેમને છોડીને હાંકી મૂકે, નાનાં બાળક ઉંઘતાં હોય તેમને જગાડી જાય, ઘરમાં પેસી છાનામાના દૂધ પી જાય, તથા દહીં ખાઇ જાય. જો સીંકે મૂકે તો નીચે એક છોકરાને ઉભો રાખે ને ઉપર ચડીને ખાઇ જાય. તેમ ન બને તો લાકડીનો ગોદો મારી સીંકા પરનું માટલું કાણું કરી તળે મોં ધરી પીવા મંડે. આ સાંભળીને કનુ ખડખડ હસી પડયો.

ગુરુજી—કનુ, તું શું હસ્યો ? કનુને આટલો આનંદ કેમ થયો ?

કનુ—ગુરુજી, ગોદો મારીને માટલું કાણું કરીને ભગવાન દહીં દૂધ ખાઇ જાય એ સાંભળી મને બહુહસવું

આવે છે. મને તે ખ્યાલ અત્યારે આવ્યો કે, ભગવાન આમ મોં ધરતા હશે.

ગુરુજી—આ શું ? પણ ગોપીઓ ઠપકો દેવા આવે ત્યારે પાછા ઘરમાંથી નાશી જાય. કોઇ વાર તો પકડાતાં મોઢામાંનું દહીં ગોપીઓની આંખમાં ફું કરીને નાશી જાય. ગોપીને ખટાશને લીધે આંખમાં લાય બળે તે ચોળવા રહે એટલે નાશી જાય. આ વખતે તો બધાં છોકરા હસી પડયા. ખુબ હસ્યા, બધાના આનંદનો પાર ન રહ્યો. ખુશી ખુશી થઇ ગયા.

પાઠ ૯ મો.

પ્રભુએ માટી ખાધી.

ભણુ—ગુરુજી, તમારા જેવા ગુરુજી અમને ન મળ્યા હોત તો આવી વાતો રોજ અમને કોણ કહેત ? કાલે તો અમે હસીહસીને થાકી ગયા. કનુ તો ઘેર પણ હસ હસ કરે. એને તો ભગવાનની લાકડીનો ગોદો સાંભર સાંભર થાય. બાબુ તો આખો દહાડો એવીજ રમતો રમ્યા કરે. રાતે ઉંઘમાં પણ બાબુ તો ખડખડ હસતો હતો.

ગુરુજી—ભગવાનનાં ચરિત્ર તો એવાંજ છે. જે સાંભળે તે આનંદ કરે. હજી ખરૂં તો હવે તમને હસવું આવશે.

સાંભળો. ભગવાન શ્રીકૃષ્ણ ગોપીઓનાં ઘરમાંથી વસ્તુઓ લાવી વાંદરાને ખવડાવી દે. ઘરમાં પેસી જાય, ને અંધારૂં હોય તો પોતે પોતાની કળાવડે અજવાળું કરી વસ્તુઓ શોધી કાઢે. જશોદાજીને ઘેર રોજરોજ ફરિયાદો અને તકરારો આવવા લાગી. જશોદાજી સોટી લઇ મારવા દોડે એટલે શ્રીકૃષ્ણ દોટ મૂકી નાશી જાય. એક દહાડો શ્રીકૃષ્ણે છાનીમાની માટી ખાધી, તે વાત બળદેવજીએ જશોદાજીને કહી એટલે જશોદાજીએ ભગવાનને મારવા લીધા. પ્રભુ તો રડવા મંડી પડ્યા. જશોદાજી કહે છે, અટકચાળા, તેં માટી કેમ ખાધી ? શ્રીકૃષ્ણ કહે છે–મા, મેં માટી નથી ખાધી, બધા જુઠું બોલે છે. જશોદાજી કહે છે, ઉઘાડ તારૂં મોં. શ્રીકૃષ્ણે મોં ઉઘાડી બતાવ્યું તો અંદર આખી દુનીઆ દીઠી. મોટા પર્વતો, નદીઓ, બધા દેવો, સ્વર્ગ મૃત્યુ ને પાતાળ બધું જોયું. જશોદાજી તો ગભરાઇ ગયાં ને વિચારમાં પડી ગયાં કે આ શું ? પછી તેમને નક્કી લાગ્યું કે આ તો ભગવાન છે. દેવના પણ દેવ છે. પણ પછી પ્રભુએ માયા ફેરવી એટલે તુરત વહાલ આવ્યું ને પ્રભુને પોતાનો પુત્ર માનવા લાગ્યાં.

કેનુ—ગુરુજી, આ શ્રીનંદ જશોદાજીનાં પણ ધન્ય ભાગ્ય

કહેવાય કે ભગવાન આમ તેમને આનંદ આપે. એમના સુખનો પાર હશે?

ગુરુજી—કનુ, આજે પણ ભગવાન્ શ્રીકૃષ્ણ ભક્તોને ઘેર એમજ રમે છે. જે ભગવાનની બહુ સેવા કરે છે તેમને ઘેર પ્રભુ સદા બાળ સ્વરૂપે આનંદ કરે છે. જો તું પણ બહુ ભજન કરે તો એ પ્રભુ આજે પણ તને એવોજ આનંદ આપે. આજથી ચારસેં વરસ ઉપર શ્રીસૂરદાસજી કરીને એક મોટા ભક્ત થઇ ગયા, તેમની જોડે ભગવાન રમતા હતા. એવા બીજા ઘણા ઘણા ભકત થઈ ગયા છે કે જેમને પ્રભુએ દર્શન દીધાં હતાં.

પાઠ ૧૦ મો.

પ્રભુ દર્શન.

કનુ—ગુરુજી, આજે તમે નિશાળે આવતા હતા ત્યારે હાથમાં શું હતું? મને કંઈ તકતા જેવું લાગતું હતું?

ગુરુજી—હું તમને તે બતાવું છું, તમે બહુ ખુશી થઈ જશો ને જોઇને તમારે કંઈ પૂછવું હોય તો પૂછજો.

મગુ—ઓ ગુરુજી, બતાવોને ઝટ, શું લાવ્યા છો? બધા વિદ્યાર્થી જોવા અધીરા અધીરા ગયા.

ગુરુજી—જુઓ, આજ શ્રીકૃષ્ણ ભગવાન છે. આજ સ્વરૂપ કે ચિત્ર એમના દેખાવનું છે. તમે દર્શન કરી લો. જુઓ તે કેવા રૂપાળા છે? બાબુ કહે છે—આવું સ્વરૂપ તો મેં કોઇક જગાએ દીઠું હતું, પણ તે ઓળખાયું નહોતું. બધા બાળકો દર્શન કરવા મંડી પડયા, ને બારીકાઇથી શ્રીઅંગ નીરખવા લાગ્યા. વળી કેટલાકની આંખોમાંથી તો હરખનાં આંસુ આવી ગયાં.

કનુ—ગુરુજી, આ પ્રભુના કપાળમાં શું દેખાય છે? આપ જેવું કરો છો, તેવું એમણે પણ કર્યું છે.

ગુરુજી—કનુ; એ તિલક છે. મારે કપાળે પણ તિલક છે. તે પ્રભુના ચરણની નિશાની છે. ભકતો પ્રેમથી પ્રભુનું ચરણ પોતાના કપાળમાં ધારણ કરે છે. જે ભકતના કપાળમાં પ્રભુના ચરણ બિરાજે છે તેનું સદા ભલું થાય છે. ઇશ્વર તેની સદા સંભાળ રાખે છે, વળી જો વિદ્યાર્થી તિલક કરે તો તેને વિદ્યા આવડે ને તેનું કલ્યાણ થાય છે. જુઓ, પેલો નંદદાસ તિલક કરીને આવે છે, તેનું કપાળ કેવું સુંદર દેખાય છે? વળી તે કેવો પવિત્ર જણાય છે? બધા એનાં વખાણ કરે છે, નિશાળમાં એને આવડે છે પણ સારૂં. બધા શિક્ષકો એના પર વહાલ રાખે છે. તિલક વગરનું

કપાળ તે નકામું છે. જો તિલકવાળો માણસ સામો મળે તો મોટા શુકન થાય છે.

ગુરુજી, તિલકના આટલા બધા લાભ છે? આપ અમને તિલક કરવાનું કેમ કહેતા નથી?

—ભાઈ, જેને સમજાય તે કરે. જેને ધર્મ વહાલો હોય તે તિલક કરે. હું હમેશાં કરૂં છું. પણ તમે કોઈ દિવસ પૂછો છો પણ ખરા કે તિલક શા માટે કરવું?

—ગુરુજી, હવે હું તો તિલક કર્યા વગર નહીંજ આવું. મને તિલકવાળું કપાળ બહુ ગમે છે, પણ પહેલાં શરમ આવતી હતી.

—ગુરુજી, કાલે જો મારા બાપા મને તિલક કરે તોજ નિશાળે આવું.

—કનુ, એવી આડાઈ ન કરીએ. આપણે પોતાની મેળે શીખી લઇએ. (આથી ઘણા છોકરાઓએ હવે તિલક કરીને આવવાનો નિશ્ચય કર્યો)

પાઠ ૧૧ મો.

તિલકનો આનંદ.

કનુ ઘેર ગયો, સાંજે વાળુ કરી સુઈ ગયો, પણ રાત્રે ન આવી. ક્યારે સવાર થાય ને નાહીને તિલક કરી

નિશાળે જાઉં ને ગુરુજીને બતાવું ? એ વિચારથી કનુને ઉંઘ ન આવી તે એની માએ જાણ્યું.

મા—કનુ, આજે તું પથારીમાં કેમ આળોટ આળોટ કરે છે ?

કનુ—મા, અમારા ગુરુજી એવા ભલા છે કે અમને રોજ સારી સારી મજાની ભગવાનની વાતો કહે છે, કાલે અમને તિલક કરવા વિષે વાત કરી. મને હવે તિલક કરવાનું મન થઈ ગયું છે. મને એમ થાય છે કે જાણે ક્યારે સવાર થાય ને નાહીને તિલક કરૂં ?

મા—બેટા કનુ, અત્યારે ઉંઘી જા. સવારમાં તને નવરાવીને તિલક કરાવીશ.

સવાર થયું. કનુ નાહ્યો, એટલે એની માને કહ્યું, મા, તિલક કરો. માને કામ હતું તેથી જરા વાર થઈ. એવામાં કનુના પિતા આવ્યા. તેમણે તેને તિલક કર્યું. તિલક કરવાની રીત કનુએ જોઈ લીધી. પછી તે નિશાળે આવ્યો. ભગુએ તથા બાબુએ પણ તિલક કર્યાં હતાં, પણ તે કનુના જેવાં દીપતાં નહોતાં, જરા વાંકા ચુંકાં થયાં હતાં. પણ વર્ગના ઘણા ખરા શિષ્યો આજ તિલક કરીને આવેલા જોઈ, ગુરુજી ઘણા ખુશી થયા ને બધાને આશીર્વાદ દીધા. ધીમે ધીમે બધા વિદ્યાર્થી તિલક કરનારા થયા.

—ભાઈઓ હવે એક મારી વાત સાંભળો. પથારીમાંથી પગ કાઢતા પહેલાં તમે પ્રભુનું નામ કદી બોલો છો ?

—નાજી, હું તો ઉઠીને તરતજ પરવારવાજ માંડી પડું છું.

—હવે તમે પથારીમાંથી પગ કાઢતા પહેલાં પ્રભુનું થોડીવાર પણ ભજન કરજો, ને પછી ભોંયે પગ મુકજો. એથી તમારો દિવસ આનંદમાં જશે. હું તમારા જેવડો હતો ત્યારે થોડી વાર પૂર્વ દિશા ભણી મોઢું રાખી, રામકૃષ્ણ ગોવિંદ, રામકૃષ્ણ ગોવિંદ એમ બોલતો. તમે થોડી વાર એમ બોલી પથારીમાંથી નીકળજો.

—ગુરુજી! તમે નાના હતા ત્યારે રામકૃષ્ણ ગોવિંદ બોલતા ત્યારે આજ શું બોલો છો?

—હું બે શ્લોક બોલું છું તેનો ભાવાર્થ નીચે મુજબ છે. તમારી ઇચ્છા હોય તો તમે એ પણ બોલજો. શ્રી કૃષ્ણ પ્રભુનાં તે જુદાં જુદાં નામ છે. એ નામો જો ઉઠતાંજ બોલશો; તો આખા દિવસમાં તમારે લ્હેરજ થશે.

આજે વખત થઈ ગયો છે માટે કાલે કહીશ.

પાઠ ૧૨ મો.

પ્રભુના વિધવિધ નામ.

કનુ ઘેર ગયો, આખો દહાડો હાથમાં દર્પણ લઈ તિલક જો જો કરે અને ખુશી થાય. દાદી મા જુઓ મારા કપાળમાં તિલક કેવું રૂપાળું શોભે છે ? દાદી માએ કહ્યું, બેટા, બહુ જીવજો, ને સદા તિલક કરી ભગવાનનું ભજન કરજો. આશીર્વાદથી કનું બહુજ આનંદમાં આવી ગયો. રાત્રે વાળુ કરી પછી સુઈ ગયો. રાત્રે સુતી વખતે પણ તેણે થોડીવાર પ્રભુનું નામ લીધું. બીજે દિવસે સવાર થયું; એટલે નાહી પરવારી જાતે તિલક કરી નિશાળે આવ્યો.

કનુ—ગુરુજી, મેં તો કાલે સાંજે સૂતી વખતે પણ પ્રભુનું નામ લીધું હતું. પ્રભુનું નામ તમે કહ્યા પ્રમાણે લેતાં લેતાંજ ઉંઘી ગયો. રાત ક્યાં ગઈ તે ખબર પણ ન પડી.

ગુરુજી—કનુ, સુતાં ને ઉઠતાં બેઉ વખત પ્રભુની પ્રાર્થના હંમેશ કરવી જોઈએ, તમે ઠીક નજર પહોંચાડી. ભાઈઓ, આ કનુ બહુ પવિત્ર છોકરો છે, તે પોતે પણ આગળ આગળ નજર પહોંચાડી ધર્મ કામ કરે છે.

ભગુ—ગુરુજી, મેં સાંજે તો પ્રભુને યાદ નહોતા કર્યા પણ સવારમાં ભજન કરીનેજ પથારીમાંથી પગ મુકયો,

વળી મારા બાપાએ કહ્યું કે નાહીને પણ ભજન કરવું જોઈએ તેથી મેં તિલક કરીને પ્રભુની પાંચ માળા ફેરવી હતી.

જી—શાબાશ ભગુ, તમે પણ ઠીક કર્યું. બધા છોકરાઓ આજે પ્રભુનું નામ થોડી વાર પણ દઈનેજ આવ્યા હતા.

ભુ—પણ ગુરુજી, તમે કાલે કહ્યું હતું તે કહોને. ઉઠતી વખતે તમે શું બોલો છો.

જી—સાંભળો. (આ સંસ્કૃત શ્લોક પહેલા ભાગમાં છપાઈ ગયા છે.) શ્રી વલ્લભ પ્રભુ, શ્રી વિઠ્ઠલેશજી, શ્રી ગિરિધરજી, શ્રી ગોવિંદરાયજી, શ્રી બાલકૃષ્ણજી, શ્રીગોકુલનાથજી, શ્રી રઘુનાથજી, શ્રી યદુનાથજી, શ્રી ઘનશ્યામજી, શ્રી યમુનાજી, શ્રી ગુરુદેવ, શ્રી ગિરિરાજજી, શ્રી દાઉદયાલજી.

ી—શ્રી નાથજી, શ્રી નવનીત પ્રિયાજી, શ્રી મથુરેશજી, શ્રી વિઠ્ઠલનાથજી, શ્રી દ્વારકાધીશજી, શ્રી ગોકુલનાથજી, શ્રી ગોકુલચંદ્રમાજી, શ્રી કલ્યાણરાયજી, શ્રી મદનમોહનજી, શ્રી નટવરલાલજી, શ્રી બાળકૃષ્ણજી. આ પ્રમાણે પ્રભુનાં લીલા પ્રમાણેનાં જુદાં જુદાં નામ બોલી પછી ઉઠવું અને સુતાં પણ આ નામ બોલવાં. જે સુતી વખતે પણ પ્રભુનાં નામ દઈ ઉંઘી જાય છે તેને

નિરાંતે શાંતિથી ઉંઘ આવે છે. સ્વપ્નાં આવતાં નથી ને રાત્રે પ્રભુ તેનું રક્ષણ કરે છે.

બાબુ—ગુરુજી, આતો મને કશું યાદ ન રહ્યુ. લખાવો તો ઠીક. ગુરુજીએ ઉપર પ્રમાણે લખાવ્યું ને એક નાની ચોપડીમાં ઉતારી પથારીમાં જોડે લઇને સુઇ જવાની આજ્ઞા આપી, જેથી સવારમાં ઉઠતાં મોઢે થતાં સુધી તેમાં જોવાય.

પાઠ ૧૩ મો.

પ્રભુની રમતો.

ગોકુળદાસ—ગુરુજી, આજે તો હું પથારીમાંથી ઉઠતાંજ પ્રભુનું નામ લેવાનું ભૂલી ગયો. પથારીમાંથી બહાર નીકળ્યા પછી સાંભર્યું; એટલે પાછા બેસી જઇને ભજન કર્યું.

ગુરુજી—તમને ઉઠતાંજ સાંભરે માટે પથારી સામે ઉઠતાં નજર પડે એવું એક પ્રભુનું સ્વરૂપ એટલે ચિત્ર ભીંતે ચોઢવું, એટલે સાંભરશે.

કનુ—ગુરુજી, હું તો આજેજ બધું મોઢે સવારમાં બોલ્યો. કાલે આખો દિવસ મેં આપે લખાવેલાં નામ અનુક્રમે વાંચ્યાજ કર્યાં એટલે મોઢે થઇ ગયાં.

જી—પણ કનુ, પ્રભુના ચિત્ર વગરનું ઘર મને તો ન ગમે. ઘેર ભગવાનની સેવા હોય તો પણ સુવાની જગાએ તો ખાસ એક ચિત્ર રાખવુંજ જોઇએ, કારણ કે ઉઠતાંજ પ્રભુનું મુખકમળ નિરખાય, દર્શન થાય. કેટલાક કહે છે કે, સવારમાં ઉઠતાં કોઈ પવિત્ર માણસનું મોં જોઇએ તો આનંદમાં દિવસ જાય. તો સવારમાં ઉઠતાં પ્રભુનુંજ મુખકમળ જોઇએ તો કેવો પવિત્ર દિવસ જાય ? પ્રભુ સૌના કરતાં પવિત્ર છે. બધા છોકરાઓએ એક ભગવાનની છબી પોતાની સુવાની જગાએ પધરાવાનો નિશ્ચય કર્યો.

જી—હવે ભગવાન શ્રીકૃષ્ણની વાતો કહું કે ? તમારે સાંભળવી છે ?

—ગુરુજી. હવે અમને પ્રભુની વાતો આગળ કહો. હું તો આપે કહેલી વાતો ઘેર કહું છું. આજે મેં એક નવી વાત સાંભળી છે, આપ કહો તો કહું.

જી—કનુ, કહે.

—મારાં દાદીમા કહે છે કે એક વાર ભગવાન છાના માના માખણ ખાઇ ગયા, તેથી જશોદા માતાએ તેમને પેટે દોરડું બાંધ્યું. આટલું કહેતા કહેતાંમાં તો કનુથી હસી પડાયું, ને બધા છોકરાઓએ હસાહસ કરી મુકી.

બાબુ—ઓ ગુરુજી, એ વાત તો હમણાંજ કહો અમને બહુ મઝા પડશે.

ગુરુજી—આઈ બાબુ, આજે તો હવે બીજું ભણવાનો વખત થયો છે. એ વાત કાલે કહીશ.

ભગુ—ગુરુજી, મને તો ઉંઘ પણ નહિ આવે. આજે કહો તો બહુ સારૂં. આખો દહાડો પણ મને સાંભર સાંભર થશે, ને હસાહસ થશે. કનુ, તેં આજે શું કરવા એ વાત કહી ?

પાઠ ૧૪ મો.

પ્રભુની રમતો.

ભગુ—ઓ, ગુરુજી, કાલવાળી કનુભાઇએ કહી હતી તે વાત કહોને.

ગુરુજી—સાંભળો, હસશો નહિ, શાંતિથી સાંભળો.

કનુ—પણ ગુરુજી, હસી પડાય છે ને શું કરીએ ! વાતમાં એવી મજા પડે છે; પછી હસાય એમાં અમારો શો દોષ ?

ગુરુજી—એક દહાડો જશોદાજી વલોવતાં હતાં. એવામાં શ્રીકૃષ્ણને ભૂખ લાગી, એટલે જશોદા માતાએ એમને ધવરાવવા માંડ્યા. તે વખતે ચુલે દૂધ ઉનું મુકયું હતું,

તે ઉભરાઈ જવા લાગ્યું એટલે જશોદાજી વહેલાં વહેલાં શ્રીકૃષ્ણને અધુરા ધાવતા વછોડી ચુલા પાસે ગયાં. ભગવાન પુરા ધરાયા નહિ, તેથી રીસ ચઢી, ને વલોવાની ગોળી ફોડી નાખી. બધા ઘરમાં છાશ છાશ થઈ ગઇ. પ્રભુ તો માખણ ખાવા મંડી પડયા. જશોદા માતા તળે રેલો ગયો, એટલે ઉઠયાં, ને પાછળ જોયું, તો ગોળી ફોડી નાખી છે. માતાજીને ખુબ રીસ ચડી. તેમણે શ્રીકૃષ્ણને શોધવા માંડયા તો ખુણામાં નિરાંતે પોતે માખણ ખાયા કરે છે. ખાંડણીયા ઉપર બેઠા છે. જશોદાજીએ લીધી સોટી. ભગવાને જાણ્યું કે, માતાજી ખીજ્યાં છે, માટે નક્કી મારશે. છાનામાના ઉઠીને નાઠા. જશોદાજી તો સોટી લઇને પાછળ પડયાં. આગળ ભગવાન ને પાછળ જશોદાજી એમ દોડા દોડ થઈ રહી. ભગવાન થડમાં આવી જાય ને પાછા દોડી જાય. છેવટે માતાજી થાકી ગયાં, એટલે ભગવાન જાણી જોઇને નીચે પડી ગયા, એટલે જશોદાજીએ હાંફતાં હાફતાં જઇને પકડી લીધા, ને ઘેર આણ્યા. પછી પાણી ભરવાનું દોરડું લઇને બાંધવા માંડયા, પણ દોરડું ટુંકું પડયું. જશોદાજીએ પ્રભુને પેટે બાંધીને બીજું સંધાડયું, તોય ટુંકું પડયું એમ બધાં ઘરનાં દોરડાં ખુટી પડયાં. છેવટે પ્રભુ બંધાયા.

પાછા નાશી ન જાય તે માટે તે દોરડુ ખાંડણીએ બાંધ્યું. (ખાંડણીએ બાંધ્યા સાંભળી બધા છોકરા ખડખડ હસી પડયા.) ભગવાન તો દયા આવે એમ રડે. ઓ માતાજી, મને ના બાંધશો, ના બાંધશો. એમ કહે ને આંખમાંથી આંસુ પાડે. આ તમાસો જોઇને ગામની સ્ત્રીઓ દોડી આવી. ભગવાનને રડતા જોઇને બધાંને દયા આવી, પણ જશોદાજીને કોઇથી કંઈ કહેવાયું નહિ. પછી માતાજી ઘર કામમાં વળગ્યાં, એટલે ભગવાન ઘસડાતા ઘસડાતા ખાંડણીયા સાથે બહાર આવ્યા, ચોકમાં બહાર નીકળ્યા, ત્યાં આગળ બે મોટા ઝાડ હતાં, તે ખાંડણીઆને અંટવાળે આવવાથી તૂટી પડયાં. તેમાંથી બે મોટા દેવ નીકળ્યા, તે ભગવાનની હાથ જોડીને સ્તુતિ કરવા લાગ્યા, ભગવાને તેમને આશીર્વાદ આપી વિદાય કર્યા. જશોદાજી તો આ ધડાકો સાંભળીને બહાર આવ્યાં તો પ્રભુ બે ઝાડ વચ્ચે ખાંડણીઆ સાથે ઉભા છે. વહેલા વહેલા લઈ લીધા ને છાતી સાથે દાબી શરીર તપાસ્યું. દોરડું છોડી નાંખ્યું. બધાં નવાઈ પામ્યા કે આ શું ? આ બે આવાં મોટાં જુનાં જબરાં ઝાડ શાથી ભાગી પડયાં ? કોઇને કશી ચોક્કસ ખબર પડી નહિ. બધાંએ પ્રભુને આશીર્વાદ

આપ્યા. અને માતાજીને પ્રભુને બાંધવા માટે ઠપકો આપ્યો.

ભગુ—ગુરુજી, એ ઝાડમાંથી બે દેવ નીકળ્યા, એતો મને કાંઇ સમજાયું નહિ. લોકો બહુ ઝાડ બાળવા માટે કાપે છે, પણ તેમાંથી કાંઈ નીકળતું નથી.

ગુરુજી આ સાંભળી ખડખડ હસી પડયા.

ગુરુજી—એ વાત હવે કાલે કહીશ.

પાઠ ૧૫ મો.

યમલાર્જુનભંગ.

કનુ—ગુરુજી, પેલાં બે ઝાડ ભાગી ગયાં તેમાંથી બે દેવો નીકળ્યા એ વાત કહો. અમને આવી વાતો સાંભળતાં બહુજ મજા પડે છે.

ગુરુજી—હિમાલય પર્વતમાં અલકાપુરી કરીને એક નગરી હતી. તેમાં કુબેર કરીને એક દેવ રાજા હતો. તેની પાસે બહુજ ધન હતું. તેને બે છોકરા હતા. તેમણે અહંકારથી દારૂ પીધો. દારૂ પીને ગંગાજીને કાંઠે બહુ છાકટા થઇને રમતા હતા. દારૂ પીવો એ મહ પાપ છે, એનાથી દેહનું ભાન જતું રહે છે, તેમ આમનું પણ ભાન જતું રહ્યું, લુગડાંનું પણ ઠેકાણું ન રહ્યું. આ વખતે નારદજી ત્યાં થઇને જતા હતા, તેમણે આ બેઉને જોયા, આ પ્રમાણે તેમને અહંકારમાં

વિવેક વગર રખડતા જોઈ પવિત્ર ભક્તરાજ નારદ ઋષિને રીસ ચડી, ને તેમણે શાપ આપ્યો, કે હે છાકટા ને આંધળા થએલા કુબેરના પુત્રો! તમે આમ વિવેક વગરના થઈને ગંગાજી જેવી પવિત્ર નદીને કાંઠે આથડો છો, માટે જડ જેવા છો, જડની પેઠે તમને વિવેક નથી; માટે તમે ઝાડ થઇ જશો. આ શાપથી તે ઝાડ બની ગયા હતા. નારદ મુનિનો શાપ સાંભળી બેઉ જણ કરગરી પડયા ને બોલ્યા, હે ભક્તરાજ નારદજી; અમે અજ્ઞાની છીએ, અમે મૂરખ છીએ, અમને દયા કરીને બચાવો. આપનો શાપ અમે માથે ચઢાવીએ છીએ.

નારદજી—હે દેવો, તમે હાલ વૃક્ષ બની જશો, પણ જ્યારે ભગવાન જશોદાજીને ત્યાં પ્રકટ થશે, ત્યારે ભગવાનને જશોદા માતા ખાંડણીએ બાંધશે, ત્યાર પછી તે ઘસડાતા ઘસડાતા તમારી પાસે આવશે, ત્યારે તેમના ચરણનો સ્પર્શ થવાથી તમે દેવ બની જશો, તે વખતે તમને પ્રભુનાં દર્શન થશે ને પ્રભુ પણ ખુશી થઈ તમને આશીર્વાદ આપશે, ને તમારૂં કલ્યાણ થશે, તમને પછી ભક્તિ પ્રાપ્ત થશે. આ જે બે ઝાડ પડી ગયાં, તે આ કુબેરના દીકરા હતા, તેમનો પ્રભુજીએ મોક્ષ કર્યો.

બાળુ—ત્યારે આ વાત તો નારદજી પહેલેથી જાણતા હતા એ તો બહુ નવાઈ કહેવાય.

ગુરુજી—નારદજી તો ત્રિકાળજ્ઞાની છે, પ્રભુનું જ્ઞાન તેમને બરાબર છે. પ્રભુની મરજી પ્રમાણેજ તે બધે ફરે છે; તમે જો બહુ ભજન કરો, તો તમને પણ પ્રભુનાં ચરિત્ર સમજાય.

પાઠ ૧૬ મો.

પ્રભુનું વાછરડાં ચારવા જવું.

કનુ—ગુરુજી, ભગવાન તો ભક્તોનું વચન સાચું કરે છે, તે પ્રભુ બહુજ દયાળુ છે, ભક્તોને આનંદ આપવા કેવું કેવું રમે છે?

ગુરુજી—ભગવાન શ્રીકૃષ્ણ વ્રજમાં રમતા, ત્યારે દેવો પણ વિમાનમાં બેસી જોઈ રહેતા, અને પ્રભુનું રમવું જોઈ રાજી થઇ ફુલો વડે વધાવતા. કોઈ ગોપી માખણ આપવાનું કહી પ્રભુને નચાવે, કોઈ કુદાવે, કોઇ દોટ મુકાવે, એમ આનંદ કરે છે. ભગવાન પણ રાજી થઈ ભક્તોની ઇચ્છા પ્રમાણે રમે છે, ને આનંદ આપે છે. કોઈવાર ગોપિકાઓ ભગવાનને ઘરમાં તેડી જઈ રમાડતી હતી, ને મેવા મિઠાઈઓ ખવડાવતી હતી. કોઇવાર કોઇ ફળફુલ વેચવા આવતું, ત્યારે પ્રભુ

ઘરમાંથી ખોબા ભરી દાણા લઈ લેવા જતા, ફળ વેચનારી દાણા લઇ પ્રભુને ખોબા ભરીને ફળ આપતી; તે વખતે પ્રભુએ આપેલું અનાજ કે દાણા રત્ન થઇ જતા, કોઈવાર સાચા મોતીના દાણા બની જાય, ભગવાન શ્રીકૃષ્ણના હાથમાં એવા ચમત્કાર હતો. ગોકુળમાં બહુ આફતો આવી, તેથી તે જગા છોડી વૃંદાવન રહેવા જવા બધાએ વિચાર કર્યો, ગાડામાં વાસ ભરી આખું ગોકુળ વૃંદાવનમાં ગયું, વૃંદાવન ગોવર્ધન તથા શ્રીયમુનાજીના કાંઠાઓ જોઈ ભગવાન શ્રીકૃષ્ણ ને બળદેવજી રાજી થયા; પછી બેઉ ભાઈ વાછરડાં લઈ ભાગોળે ચારવા જતાં, કોઈવાર વેણુ વગાડતા, કોઈવાર બીલાં તથા આમળાં ઉછાળતા, કોઇ વાર બળદ જેવા બનીને રમતા, કોઈવાર મોર બોલે ત્યારે તેમની જોડે મોરની પેઠે બોલે. એક વાર શ્રીકૃષ્ણ ને બળદેવજી વાછરડાં ચારતા હતા. ત્યાં તેમને મારવા માટે દૈત્ય આવ્યો, તે દૈત્ય વાછરડાનું રૂપ લઇને આવ્યો હતો. ભગવાને સાન કરી બળદેવજીને તે રાક્ષસ બતાવ્યો. પછી ભગવાન ધીમે ધીમે છાનામાના તેની પાસે આવ્યા, ને તેના પાછલા પગ ઝાલી ઝાડમાં પછાડી મારી નાખ્યો; આ વખતે જોડેના ગોવાળીઆ ખુશી થયા, ને દેવોએ ફુલથી તેમને વધાવ્યા.

ત્યાર પછી એક દિવસ બધા બાળકો સાથે ભગવાન ગાયો ચારતા હતા, તે વખતે એક બગલાના જેવા આકારનો રાક્ષસ આવ્યો, તે પહોળી ચાંચ કરી પ્રભુને ગળી ગયો. આથી બળદેવજી તથા ગોવાળીઆ ગભરાઇ ગયા. ભગવાને અંદર અગ્નિ રૂપ લીધું, તેથી રાક્ષસ બળવા મંડ્યો, એટલે પ્રભુને બહાર કાઢી નાંખી ચાંચાટવા મંડ્યો; એટલે ભગવાને તેની બે ચાંચ બે હાથમાં ઝાલી ફાડી નાંખ્યો. વૃંદાવનમાં બધાએ આ વાત જાણી ત્યારે બધા રાજી થયા, ને પ્રભુના બળનાં વખાણ કરવા લાગ્યા. ભગવાનની જ વાતો કરવાથી વૃંદાવનના લોકોને બહુ આનંદ થતો; ભગવાનનો આશરો હોવાથી તેમને કશું દુઃખ આવતું નહિ, પ્રભુજી બધાં દુઃખ મટાડતા.

પાઠ ૧૭ મો.

ગોવાળીઆ જોડે આનંદ.

ભગુ—ભગવાન તો નાના છોકરા જેવડા હતા, પણ બહુ જબરા હતા, મોટા મોટા દૈત્યોને મારી નાખતા, મને તો બહુજ નવાઈ લાગે છે.

ગુરુજી—ભગવાનનું બળ અપાર છે; એ બળવડે પ્રભુ ભક્તોનું રક્ષણ કરે છે; એ ભગવાન રોજ ગાયો

ા જતા; જંગલમાં તેઓ બહુજ રમતો રમતા,
ીજા જોડે જુદી જુદી રમતો રમતા હતા, કોઈ
ગાડતા, કોઈ ઝાડનાં પાદડાં વડે રમતા હતા.
ામનો ગાતા હતા, કોઈવાર ભમરાઓ ગણગણે
ેની જોડે ગણગણતા હતા; કોયલ ટહુકા કરે
ેની જોડે ટહુકા કરતા હતા. આકાશમાં કોઈ
ા ઉડતાં હોય તો તેમનો છાંયો ભોંયપર દોડે, તો
ા સાથે દોડાદોડ કરી મુકતા હતા, મોર નાચે
ની જોડે નાચતા, વાંદરાના પૂછડાં ઝાલી તેમને
ા, વાંદરાના ચાળા પાડતા, ને દાંતીઆ કરતા,
વાંદરા દાંતીઆ કરે ત્યારે ખુબ હસતા.
ત સાંભળી બધા છોકરા ખડખડ હસી પડયા.

વાંદરાંને પ્રભુ દાંતીઆ કરે ને વાંદરા પ્રભુના
પાડે; આ તો બહુ ગમત કહેવાય. પ્રભુજીએ
તો. આવું કરતા હશે ત્યારે તેમના ભાઈબંધ
ાઆઓને કેવી મજા પડતી હશે? હું જો તે
હોઉં તો રાજી થઈ કુદાકુદ કરી મુકું.

ારો વરસ તપ કરવાથી જે પ્રભુ મળતા નથી,
ગોવાળીઆં જોડે રમે છે, તે તેમનાં મોટાં
કહેવાય. એક દિવસ પ્રભુ ત્યાં જંગલમાં ગાયો

ચારત હતા, ને રમતા હતા, તેવામાં ત્યાં અઘાસુર કરીને એક દૈત્ય આવ્યો, આ અઘાસુર પૂતના ને બકાસુરનો નાનો ભાઇ થાય. તેણે પોતાની બેન પૂતના ને બકાસુરનું વેર લેવાનો વિચાર કર્યો, તે મોટો અજગર થઇને રસ્તામાં પહોળું મોં કરીને સૂતો. એ અજગર ચાર ગાઉ લાંબો હતો, તથા મોટા પર્વત જેવો જાડો હતો, મોટી ગુફા જેવું પહોળું તેનું મોઢું હતું, ઉપલો હોઠ આકાશમાં ને નીચલો હોઠ જમીનપર હતો, અંદર મોઢામાં જીભ સડક જેવી હતી; તેની અંદર ભુલે ભુલે બાળકો રમતાં રમતાં પેસી ગયાં. ભગવાન શ્રીકૃષ્ણ ને બળદેવ બહાર હતા, પછી બાળકોને ઉગારવા તથા અઘાસુરને મારવા પ્રભુ તેના મોઢામાં પેઠા, ને તેના ગળામાં જઈ શરીર મોટું જાડું વધાર્યું, એટલે અઘાસુર અકળાઇને મરી ગયો; ગોવાળીઆ તથા વાછરડાં ઝેરથી મરી ગયાં. તેમને પ્રભુએ અમી દૃષ્ટિથી જીવતાં કરી દીધાં, તે રાક્ષસ પ્રભુને હાથે મરી ગયો, તેથી તેનો મોક્ષ થયો. પ્રભુ એવા દયાળુ અને પવિત્ર છે કે તેમને હાથે જે મરે તેનો મોક્ષ થાય છે, પછી ભલે તે રાક્ષસ હોય કે પાપી હોય, પણ પવિત્ર બની પ્રભુમાં મળી જાય છે. આવા ભગવાનની જે ભક્તિ કરે તેના જેવો ભાગ્યશાળી કોણ ?

પાઠ ૧૮ મો.

ગાયો પાળવાનું કારણ.

કનુ—ગુરુજી, એ નંદરાયજીને ત્યાં તથા વૃંદાવનમાં એટલી બધી ગાયો ક્યાંથી ? આજ તો એટલી બધી ગાયો લોકો નથી રાખતા.

ગુરુજી—કનુ, તે વખતે તો ગાયો એજ લોકોનું ધન હતું, ગાય એ બહુ પવિત્ર છે, એનાં દર્શન જો સવારમાં થાય તો આખો દિવસ આનંદમાં જાય, જો કંઈ જતા હોઇએ ને ગાય સામી મળે તો મોટા શુકન થાય. ગાયનું દૂધ પીવાય છે, તેનું દહીં થાય, તે દહીંને વલોવે એટલે માખણ નીકળે, પ્રભુને માખણ બહુજ ભાવે છે, તે હંમેશાં માખણ અને મિસરી (સાકર) બહુજ આરોગે છે. વળી ગાયની છાશ તો જાણે અમૃત. જો સવારમાં થોડી છાશ પીવાય તો તો શરીર બહુજ સારૂં રહે છે. છાશ ખોરાક પચાવે છે. એક મોટા ધન્વંતરિ જેવા વૈદે છાશને અમૃત કહી છે. ભેંસના દૂધ કરતાં ગાયનું દૂધ બહુ પવિત્ર તથા બુદ્ધિ વધારનારું છે, ભેંસનું દૂધ બુદ્ધિ જાડી ને જડ બનાવે છે. વળી ગાય બહુજ ગરીબ અને સુંવાળુ પ્રાણી છે. હું જ્યારે નાનો હતો, ત્યારે

મારાં માએ મને કહ્યું હતું કે, ગાય મળે તો હંમેશાં પગે લાગવું. ગાય વડેજ આ દુનિઆ જીવે છે. બળદ પણ ગાયમાંથીજ જન્મે છે. જો ગાય ન હોય તો અનાજ પાકે નહિ ને મરી જવાય. આથી આપણા હિંદુશાસ્ત્રોમાં ગાયને બહુજ પવિત્ર કહી છે. નાની છોડીઓ તો ગાયનું વ્રત કરે છે, તે નાહી ધોઈ ગાયની પૂજા કરે, ત્યારેજ બીજું કોઈ કામ કરે છે. આટલી બધી ગાય ઉપયોગી છે. તેથી વ્રજમાં બધા લોકો ગાયો રાખતા. ગાયનું દાન કરવાથી બહુ પુણ્ય થાય છે. ગોદાનનો માહમા મોટો છે. જાત્રા જનાર તો ગાયનું દાન કરે, તોજ જાત્રા વળે એમ માને છે. શ્રીકૃષ્ણના જન્મ વખતે નંદરાયજીએ બહુ ગાયોનું દાન કર્યું હતું. પ્રભુને ગાયો બહુ વહાલી છે. ગાયને જરા પણ દુઃખ દેવું કે પજવવું એ બહુ પાપ ગણાય છે. પ્રભુ ગાયો ચારતા તેથી તેમનું નામ ગોપાળ પડયું છે. વ્રજભૂમિના જેવી ગાય બીજે કયાંએ હોતી નથી. આવું પવિત્ર, ઉપયોગી, સુંદર ને સ્વભાવે ગરીબ પ્રાણી ગાય જે ભાગ્યશાળી હોય તે રાખે છે. ગાય રાખવી, એ વૈષ્ણવ કે ભક્તનો તો મોટો ધર્મ છે. જેને બારણે કે વાડામાં ગાય હોય તેનું બારણું બહુ રૂપાળું દેખાય છે. ગાય એ દૈવી પ્રાણી છે. દૈવી

પવિત્ર માણસો ગાયો રાખે છે. દેવમંદિરમાં તો ગાય હોવીજ જોઇએ.

ભગુ—ગાય આટલી બધી ઉપયોગી છે. મારા બાપાને હું ગાય રાખવા વિનવીશ. કનુ, તું પણ કહેજે તારા બાપાજીને કે ગાય રાખવી એ બહુ પ્રવિત્ર કામ છે.

પાઠ ૧૯ મો.

બાળકના સદ્ગુણ.

કનુ—ગુરુજી, મેં તો ઘેર જઇ મારા બાપુજીને ને દાદીમાને વિનતિ કરી કે, આપણે ગાય આણી હોય તો કેવી મજા પડે ? આપે કહેલી બધી વાત મેં તેમને કહી. તેમણે કહ્યું કનુ, તારૂં મન છે, તો જરૂર હું ગાય લાવીશ. પછી તું ગાયનું દૂધ પીને નિશાળે જજે. અને માખણ પણ ખાજે.

ગુરુજી—કનુ, તારા જેવો પવિત્ર પુત્ર ભાગ્યશાળીને ઘેરજ હોય છે, તારી વિનતિ તારી પવિત્રતા ને સદ્ગુણને લીધે તારાં માબાપ સાંભળે એમાં નવાઈ શી ? તારા પર મને બહુ વહાલ આવે છે. ભાઇઓ, તમે આ કનુભાઈ જેવા પવિત્ર થશો; તો જરૂર તમારાં માબાપ પણ તમે કહેશો તેમ વર્તશે; ને તમને આશીર્વાદ

આપશે તો મોટપણે સુખી થશે, નવ વરસના કનુભાઈ
કેવા પવિત્ર ધર્મવાળા છે ?

કનુ—ગુરુજી, તમે ભણાવો છો, ત્યારથી મને બહુ આનંદ થાય છે. અમારામાં જે પવિત્રતાને સદ્‌ગુણ છે તે તમારા છે, તમારા જેવા ગુરુ ભાગ્યશાળીને મળે છે.

ગુરુજી—કનુ, વાતો કહું છું, તે તો બધા સાંભળે છે, બધાંના પર અસર થાય છે, પણ તારી વાત તો જુદીજ છે, તું તો જે સાંભળે, તે કરવાજ મંડી પડે છે.

ભગુ—ગુરુજી, કનુભાઇ ઘેર શી રીતે વર્તે છે, તે કહે તો કેવું સારૂં ? તે પ્રમાણે અમે પણ વર્તીએ.

ગુરુજી—બાબુભાઇ પણ કનુભાઇ જેવાજ છે, પણ તે ધીમે ધીમે કામ કરે છે. તે પણ શિખામણ પ્રમાણેજ ચાલે છે.

કૃષ્ણદાસ—ગુરુજી, મેં મારા બાપાજીને બહુ વિનતિ કરી પણ મને પ્રભુની છબી સુવાના ઓરડામાં ભીંતે ચોઢવા ન આણી આપી. મેં પૈસા માગ્યા, તે પણ આપ્યા નહિ. શું આપે ? ઘરમાં હતા નહિ. મારા બાપાજી બહુ ભલા છે પણ પાસે પૈસા નહિ, શું કરે ?

ગુરુજી—કૃષ્ણદાસ, કાલે મારે ત્યાંથી એક છબી પ્રભુશ્રીની લઇ જજો. તમે સુવાના ઓરડામાં ભીંતે ચોઢજો, ને

ઉડતી વખતે દર્શન કરજો, જે ગરીબ હોય તે મારે ત્યાંથી પ્રભુની છબી લઈ જાય.

નંદદાસ—ગુરુજી, મારી મા રાંડીરાંડ છે, તે કપડાં સીવી અમારૂં પુરૂં કરે છે, પછી અમે શી રીતે કશું માગીએ ?

ગુરુજી—કાલે તમે પણ લઇ જજો, ને કૃષ્ણદાસ પણ લઈ જાય.

ભગુ—ગુરુજી, કનુભાઇએ પોતાની વાત કહી નહિ.

ગુરુજી—આજે વખત થઇ ગયો છે. કનુભાઇ આવતી કાલે વાત બધી કહી જશે.

પાઠ ૨૦ મો.

પવિત્ર બાળકના આચરણ.

કનુ—ગુરુજી, ભગુભાઈનો આગ્રહ છે, માટે આજે મારી વાત કહું.

ગુરુજી—કનુભાઈ, આ ગોકુળદાસ પણ બહુજ સુંદર છોકરો છે, તેમને ત્યાં હું કાલે ગયો હતો, ત્યારે મને તેમના પવિત્ર જીવન માટે બહુ આનંદ થયો. હું તેમને ઘેર ગયો કે, તરતજ વિનયથી જય શ્રીકૃષ્ણ કર્યા. તેમની ઉમર માત્ર છ વરસની છે. આ પ્રમાણે તેમનો વિવેક જોઈ તેમની કેટલીક વાત મેં પૂછી. તેમના પિતાએ કહ્યું કે આ છોકરાનો જન્મ ગોકુળ

આઠમને દિવસે છે, માટે તેનું નામ ગોકુળદાસ પાડયું છે. તે સવારમાં વહેલો ઉઠે છે. ઉઠીને સાૈને ઘરમાં પગે લાગે છે. પછી પરવારીને નાહી ધોઇ ઠાકોરજીની સેવા કરે છે. ઘરમાં મોગરા અગાસીમાં છે, ત્યાંથી ફુલ ચુંટી લાવી તે ઠાકોરજીને સમર્પે છે. પ્રભુને બહુ પ્રેમપૂર્વક દંડવત કરે છે. જો જરૂર હોય તો ને ન આણ્યો હોય તો પ્રભુને માટે મેવો તથા શાકભાજી તે પોતે લઈ આવે છે. કદી ખોટા શબ્દ તો બોલતાં આવડતાજ નથી. તેને બોલાવતાં તે હાંજી, જી વગેરે નમ્રતા ભર્યા શબ્દો વાપરે છે. ફળ સિવાય કોઈ ચીજ બજારની ખાય નહિ. કોઇ પણ માણસ મારે ત્યાં આવે તેને હંમેશાં જય શ્રીકૃષ્ણ કરી તેને પાણી તથા પાન સોપારી આપે છે, ને હું ઘેર ન હોઉં તો કામકાજ પૂછી, આવશે ત્યારે કહીશ એમ કહી જવાની વિનતિ કરે છે. શિક્ષક ભણાવવા આવે તો પગે લાગી વિવેકસર બેસી ભણે છે. સાંજે શ્રીઠાકોર-જીને પગે લાગી ઘરનાં ને કુટુંબનાં બધાં માણસોને સ્ત્રીઓ સુદ્ધાંને પગે લાગે છે. રાત્રે વાળુ કરી મારી પાસે બેસે છે, હું તેને નાની નાની નીતિની વાતો કહું છું તે સાંભળ્યા પછી સુઇ જાય છે. પથારીમાં સુતાં પ્રભુનું નામ થોડી વાર દઈ પછી ઉંઘી જાય

છે. આવો સારો છોકરો આટલી નાની ઉમરનો મેં કોઈ જોયો નથી. એની વાણી ઘણી મીઠી છે. કોઇને માઠું લાગે એવું તો એ કદી બોલતોજ ની. ઈશ્વર એને જીવતો રાખે તો મારા ઘરનું નાક થશે.

ગુરુજી—ભાઇઓ, કહો, તમને આ ગોકુળદાસ કેવો લાગ્યો ?

કેનુ—હું તો સવારમાં મારા માબાપને ને મારાં દાદી-માનેજ પગે લાગું છું, ને આ ગોકુળદાસ તો બધાંને પગે લાગે છે. હવે તો હું એમની ભાઇબંધી કરી એમની જોડેજ રમીશ. હું સવારમાં ઉઠી પ્રભુની સ્તુતિ કરૂં છું, પછી પરવારીને નહાઉં છું, પછી તિલક કરી પ્રભુની માળા ફેરવું છું. ત્યાર બાદ માતાજીને તથા પિતાજીને પગે લાગી મંદિરમાં દર્શન કરવા જાઉં છું. મારાં માબાપ જે કહે તે હું તરતજ કરૂં છું. તેમની મરજી બરાબર સાચવું છું, તેથી તેમને વહાલો લાગું છું. મેં કદી આડાઈ તો કરીજ નથી. મારાં દાદીમા તો રોજ મને ખોળામાં બેસાડે છે, ને સારી સારી વાતો કહેવરાવે છે હું વાતો કહું છું ત્યારે રાજી થઇ "બેટા સુખી થજો" એમ કહે છે. મારાં દાદીમાને હું વારે વારે હાથ જોડી પૂછું છું, માતાજી, કંઈ કામ છે ? કશું જોઇએ છે ? માતાજી કંઈ કામ હોય

તો મને તરત બતાવે છે. કોઈ વાર મારી પાસે ચોપડી વંચાવે છે, ને મને વાંચતો જોઈ રાજી રાજી થઈ જાય છે.

ગુ—ગુરુજી, હવે હું પણ કનુભાઇની પેઠે વર્તીશ.

ાભુ—મને તો કનુભાઇ કરતાં પણ ગોકુળદાસ બહુજ સારા લાગ્યા છે. શેરને માથે સવાશેર હોયજ.

પાઠ ૨૧ મો.

પ્રભુનાં કાર્યો.

રુજી—કનુ, આજ સુધી તમને કહેલાં ચરિત્રો કોણ કહી જશે ?

ાકુળદાસ—ગુરુજી, જો તમે કહો તો મારા બાપાજીએ કહેલી થોડી વાત કહી જાઉં ?

રુજી—કહો ગોકુળદાસ.

ાકુલદાસ—મારા બાપુજીએ એક દહાડો એવી વાત કહી હતી કે, એક મોટો ઝેરીલો સાપ હતો, તેને પ્રભુએ સજા કરીને પાંસરો કર્યો. તે જમનાજીમાં રહેતો હતો. વળી પ્રભુએ એક મોટો પર્વત પોતાની આંગળીએ ઉંચકયો હતો, તથા ઇંદ્રરાજાનો મદ ઉતાર્યો હતો, તેમજ તેમણે મામા કંસને મથુરાંમાં જઇને

મારી નાંખ્યો. બીજીએ બહુ વાતો પ્રભુની મને એ કહે છે.

બાબુ—ગુરુજી, આવી વાત તો આપે અમને કદી કહી નહિ.

ગુરુજી—બાબુ, હવેથી ધીમે ધીમે બધી વાતો તમને કહી જઇશ. અધીરા થશો નહિ. થોડે થોડે બધું ભણાય.

કેનુ—ગુરુજી, આપે કહેલી વાતો ટુંકામાં કહી જાઉં. સાંભળોજી. કંસે પોતાની બેન વસુદેવને પરણાવી. બેઉ જણને કંસે કેદ કર્યાં. છ દીકરા વાસુદેવના કંસે ઠાર કર્યા. પ્રભુ પ્રકટ થયા, તેમને ગોકુળ લઇ ગયા. પ્રભુએ મામી પૂતનાને મારી નાખી. તૃણાવર્તને માર્યો, શકટાસુરનો નાશ કર્યો. ગર્ગાચાર્યે શ્રીકૃષ્ણ બળદેવનાં નામ પાડયાં. પ્રભુએ જશોદા માતાને મુખમાં વિરાટ સ્વરૂપ દેખાડયું. ગોળી ફોડી નાખવાથી જશોદાજીએ પ્રભુને દોરડે બાંધ્યા. પ્રભુએ યમલાર્જુનનો ભંગ કરી કુબેરના બે દીકરાનો ઉદ્ધાર કર્યો. શ્રીકૃષ્ણે વત્સાસુર તથા બકાસુરને માર્યા; તથા અઘાસુરનો વધ કર્યો. આ ઉપરાંત આપે અમને પ્રભુનાં દર્શન કરાવ્યાં; ગાયો પાળવાનાં કારણો સમજાવ્યાં.

ગોકુળદાસ—મારે ઘેર તો ગાય છે, હું રોજ સવારમાં તેનું દૂધ પીઉં છું, ભી મને દહીં પણ બહુ ભાવે

છે. માખણ તો મારાં માતુશ્રી રોજ ઠાકોરજીને ધરાવીને મને આપે છે. હું આનંદથી ખાઇ જાઉં છું. આવું સુખ ગાય મને આપે છે, તેથી હું સવારમાં ઉઠીને નાહીને પગે લાગું છું, તથા ઘાસ પણ ખવરાવું છું. ગાયમાતા મને દેખે છે કે, કાન ઉંચા કરી પૂછડી ઉંચી કરી નાચાનાચ કરી મુકે છે. મારાં માતુશ્રી રોજ ગાયમાતાને ચાંલ્લો કરી ચોખા ચઢાવે છે. મારા બાપાજી તો એક દિવસ મને કહે છે કે ગાયના શરીરમાં બધા દેવલોક રહેલા છે, માટે તે બહુજ પવિત્ર છે. જેને બારણે ગાયમાતા હોય તેને બારણે બધા દેવ રહે છે ને મદદ કરે છે. તેને ઘેર સદા લક્ષ્મી અને આનંદ રહે છે.

કનુ—ગુરુજી, મારા બાપુ અત્યારમાં ગાય લેવા ગયા છે તે બપોરે લાવશે. મારે બારણે ગાય બાંધશે; ત્યારે મારૂં બારણું કેવું રૂપાળું દેખાશે? હુ પણ રોજ ગાયમાતાને પગે લાગીશ; ઘાસ નાંખીશ, પાણી પાઇશ. ને તેના વાછરડાને ખુબ રમાડીશ.

પાઠ ૨૨ મો.

કાલીય નાગ.

ગુરુજી—એક દિવસ શ્રીકૃષ્ણ અને બધા ગોવાળીઆ ગાયો ચારવા ગયા. પછી બપોરે જમ્યા પછી ગાયોને લઇને શ્રીજમુનાજીમાં જળ પીવા ગયા. જેટલાંએ પાણી પીધું તે બધા મરી ગયા, પ્રભુ જુએ છે તો, બધા મરી ગયા છે. શ્રીકૃષ્ણે અમી દૃષ્ટિ કરી બધાંને જીવતા કર્યાં. બધા પાણી પીતાં મરી ગયા, તેનું કારણ એ હતું કે ત્યાં આગળ એક મોટો ઝેરવાળો સાપ રહેતો હતો. એ સાપનું ઝેર પાણીમાં આવ્યું, તે પીવાથી મરી ગયા. પછી પ્રભુ સાંજ પડતા ઘેર આવ્યા. બધા ગોવાળીઆએ માબાપને બધું કહ્યું; બધાં નવાઇ પામ્યાં.

કનુ—ઓ ગુરુજી, શ્રીકૃષ્ણ ન હોત તો એ બધાને કોણ જીવતા કરત, બિચારા મરી જાત. પ્રભુજીએજ એમનું સદા ભલું કર્યું. પ્રભુજ સૌનું સારૂં કરનાર છે.

ગુરુજી—કનુ, હવે તો તું પ્રભુની વાત સાંભળ. પ્રભુ બીજે દિવસે સવારમાં ગોવાળીઆંને લઇ દડાની રમત રમવા

નાજીને કાંઠે ગયા. રમતાં રમતાં પેલો ઝેરી સાપ
ા હતોઃ તે ખાડામાં દડો પડી ગયો. દડો રમતાં જે·
l ખોવાઇ જાય. તે બીજો દડો લાવે એવી રમવામાં
ા હતી, એટલે બધા ગોવાળીઆ શ્રીકૃષ્ણને કહેવા
યા કે તમે દડો શ્રીજમનાજીમાં નાખી દીધો, માટે
. પ્રભુ તો તરતજ તે ખાડા પર એક ઝાડ હતું;
પર ચઢયા, ને પાણીના સાપવાળા ધરામાં કુદકો
i. ગોવાળીઆ તો સજ્જડ થઇ ગયા, કેટલાક
લાગ્યા, કેટલાકના મોં તદ્દન ઉતરી ગયા;
ક ગામમાં ખબર કહેવા દોડી ગયા. જશોદા
એ તો વાત જાણી કે રડતાં કકળતાં તે ખાડા
નાઠાં, નંદરાયજીના તો હોસકોસ ઉડી ગયા,
બિચારા શું કરે? બધા વ્રજમાં હાહાકાર થઈ
બધાએ મનમાં ધાર્યું કે, હવે પ્રભુને ઝેરી સાપ
, એટલે હવે તે પાછા આવવાના નથી, વ્રજની
ાના દુ:ખનો તો પાર ન રહ્યા. દરેકની આંખોમાં
માંસુની નદીઓ વહેવા લાગી, ગોવાળીઆ તથા
તેમના ભાઈબંધો તો આ બધું દેખીને બહુજ
રા બની કંગાળની પેઠે રડવા લાગ્યા. બધાંને
વજી ધીરજ આપે. કોઈ રડશો નહિ; પ્રભુને
થવાનું નથી; કશી ફીકર કરશો નહિ; પણ

ધીરજ કોને રહે? જશોદા માતા તો દોડી દોડીને ધરામાં પડવા જાય, આંખોમાં તો શ્રાવણ ને ભાદરવો વહે છે. બળદેવજી તેમને પકડી રાખે છે. કનુ, જો આપણે તે વખતે ત્યાં હોઇએ, તો જરૂર રડી પડાય. અને મહાશોક થાય.

સૌ આ વાત સાંભળતાજાય ને રોતા જાય. બાબુ તો છાનો છાનો ધોતીએ આંખો લોતો જાય ને વાત સાંભળતો જાય.

ભગુ તો ખુલ્લે મોઢે રોઇ પડયો. દુઃખીઆંનુ દુઃખ સાંભળી કોને દયા ન આવે?

પાઠ ૨૩ મો.

કાલીય નાગને નાથ્યો.

કનુ—ગુરુજી, પ્રભુએ ખાડામાં કુદકો માર્યો પછી શું કર્યું? કાલે એ વાત આપે અધુરી મુકી તેથી મને તો એના એ વિચારને લીધે સ્વપ્નું આવ્યું. રાતે મને સ્વપ્નામાં એવું થયું કે, જાણે પ્રભુએ સાપને બહુ માર્યો.

ગુરુજી—વાત ખરી છે, પ્રભુજી તો પડયા એવા પાણીમાં ઉંડા ઉતરી ગયા અંદર તો મોટી ફેણવાળો લાંબો સાપ નિરાંતે ઉંઘે છે, તેની બે સાપણો તેની સેવા

કરે છે. પ્રભુજી ત્યાં જઇને ઉભા રહ્યા. નાગણીઓ નવાઈ પામી કે, આવો રૂપાળો આ નાનો છોકરો અહીં કયાંથી આવ્યો? પોતાનો ધણી બહુ ઝેરવાળો છે, એવું નાગણી જાણુતી હતી એટલે તેમણે શ્રીકૃષ્ણને સમજાવી પાછા કાઢવાનો વિચાર કર્યો.

નાગણીઓ કહેવા લાગી કે હે છોકરા, તું અહીં કેમ આવ્યો છે? તું જતો રહે, નહિ તો અમારો ધણી જાગશે; તો તને મારી નાખશે, તું અહીં કયાંથી ભુલો પડી ગયો? અહીં આવેલું કોઇ પાછું જતું નથી.

પ્રભુએ કહ્યું કે હું જુગટું રમતાં સાપનું માથું જોઇએ છે, તે લેવા આવ્યો છું. તારા ધણીને જગાડ મારે તેનું માથું લઈ જવું છે.

નાગણીઓ આ સાંભળી નવાઇ પામી, અને બોલી, અલ્યા ઘેલા, તારી માને કેટલા છોકરા છે કે, તને અળખામણો ગણીને અહીં મોકલ્યો.

પ્રભુ કહે છે, મારી માને બે છોકરા છે, તેમાં હું નટવર નાનો છું. તારે શી પંચાત. તું નાગને જગાડ. નાગ જાગતાં સાથે પ્રભુએ એક લાત મારી, પછી તેના માથા પર પ્રભુ ચઢી બેઠા. નાગે બહુ જોર કર્યું, પણ પ્રભુ આગળ તેનું શું ચાલે? પ્રભુએ તેને ખુબ માર્યો.

આખરે બેભાન થઇ ગયો. એટલે તેની નાગણીઓ ગભરાઈને કરગરવા લાગી, બહુજ રડવા લાગી, પ્રભુની ઘણી સ્તુતિ કરી, એટલે તે સાપને મારવાનું બંધ કર્યું. સાપને ભાન આવ્યું, એટલે તે કરગરવા લાગ્યો. પ્રભુ કહે છે, તને હવે નહિ મારૂં, પણ તારે હવે અહીં રહેવું નહિ, સાપ કહે છે મે એકવાર ગરૂડજીને પજવ્યા હતા તેથી હું અહીં આવ્યો છું. મને ગરુડજીની મોટી બીક છે; જો હું અહીંથી બહાર નીકળીશ, તો જરૂર મને મારી નાખશે. ગરૂડજીને પણ શાપ છે, તેથી તે અહીં આવી શકતા નથી. એટલે હું સુખે અહીં રહી શકું છું. શ્રીકૃષ્ણે કહ્યું, હવે તારે ફાવે ત્યાં જઈશ, પણ તને ગરૂડ નહિ નડે. ગરૂડ તને ઇજા નહિ કરે, એવો મારો આશીર્વાદ છે. સાપ રાજી થઇ ત્યાંથી નીકળી પ્રભુને પગે પડી પોતાને મૂળ સ્થાને ગયો. શ્રીકૃષ્ણ પણ એ ખાડામાં બહુજ મોટાં અને સુંદર કમળ ફુલ હતાં, તે લઇ બહાર નીકળ્યા. બધા પ્રભુને જોઇ રાજી રાજી થઇ ગયા. જશોદાજી તો પ્રભુજીને વળગી પડયાં. બધા વ્રજના લોક પ્રભુજી પાછા આવ્યા, તેથી દેવની સ્તુતિ કરવા લાગ્યા. વ્રજમાં બધે આનંદ આનંદ થઈ ગયો, ને સાપનું સર્વેનું સંકટ મટી ગયું.

પાઠ ૨૪ મો.

દાવાનલ-પાન.

બાનુ—ગુરુજી, વ્રજભક્તો બિચારા બહુજ ભોળા હતા. ખરેખર, લોકો કહે છે કે "ભોળીઓના ભગવાન છે" આ વાત ખરી છે. પ્રભુજીની આટલી બધી શક્તિ દેખે છે. પણ તેઓ તેમને સંકટ આવે ત્યારે દુઃખી થાય છે, એમ નથી સમજતા કે, પ્રભુ સર્વ શક્તિમાન છે.

ગુરુજી—એજ પ્રભુની લીલા છે. પ્રભુ ભક્તોને પોતાનો આનંદ આપવા માટેજ એમ કરે છે.

બાબુ—પછી પ્રભુ કુલો લઈને આવ્યા, પછી શું કરવા લાગ્યા. કાલની અધુરી વાત આજે કહો. વળી ગરૂડજીને ઋષિએ શાપ શા માટે આપ્યો હશે ! મારા બાપાજી તો કહે છે કે, ગરુડજીઉપર પ્રભુ બેસે છે. પ્રભુ જેના પર બેસે, તેને શાપ કોણ આપી શકે ?

ગુરુજી—એક વાર ગરૂડજીએ એ ધરામાંના મોટા માછલાને મારી નાખ્યું, એ માછલું બધાં માછલાંને બહુ વહાલું હતું, તેથી તથા સૌભરિ મુનિના દેખતાં આ કામ કર્યું, તેથી ઋષિએ શાપ દીધો કે હે ગરૂડજી, તમે જો હવે આ ધરામાં આવશો તો મરી જશો. આથી ગરૂડથી અવાતું નહોતું, એટલે ગરૂડજીનો દુશ્મન કાળીનાગ આ ખાડામાં રહેતો હતો; એ વાત કાલે

કહી હતી. હવે આગળ બીજી વાત સાંભળો. પ્રભુજી કાળીનાગ નાથવા ધરામાં પડ્યા, અને કાળી-નાગને પાંસરો કરતાં કરતાં આખો દિવસ જતો રહ્યો. પ્રભુના વિયોગને લીધે કોઈએ કશું ખાધું નહોતું. એટલે રાતે બધા ત્યાંજ રહ્યા. પ્રભુ સુખે ધરામાંથી નીકળ્યા; એટલે નંદરાયજીએ બ્રાહ્મણોને બહુ દાન આપ્યાં. રાતે ઉજાણી કરી બધા જમ-નાજીના પવિત્ર તટપર સુઇ રહ્યા હતા; એવામાં રાતે ત્યાં દાવાનળ સળગ્યો. બધા વ્રજવાસીઓ ગભરાઈ ગયા. દાવાનળ ચારે બાજુ ફરી વળ્યો તેથી નાસવાનું પણ હતું નહિ; એટલે પ્રભુની સ્તુતિ કરવા લાગ્યા. પ્રભુએ કહ્યું ગભરાશો નહિ, હમણાં હોલવાઇ જશે. તમે બધા આંખો થોડીવાર મીંચી જાઓ, એટલે હું દેવને બોલાવી તમારૂં દુઃખ મટાડી દઉં. બધાજ આંખો મીંચી ગયા; એટલે પ્રભુજી બધો દાવાનળ પોતાના મોંમાં લઈ પેટમાં પી ગયા. જેમ કોઈ વાડકીમાંથી દુધ પી જાય, તેમ પ્રભુ આ વનરૂપી વાડકીમાંથી અગ્નિ પી ગયા. પછી બધાંને આંખ ઉઘાડવાનું કહ્યું. પ્રભુની આજ્ઞા મળતાં બ.. એ આંખ ઉઘાડી, તો દાવાનળે મળે નહિ, ને તેનું નિશાન પણ નહિ!!! બધા નવાઇ પામ્યા. બ

પ્રભુને પગે પડયા. કેટલાકને હરખનાં આંસુ આવી ગયાં. પ્રભુએ કહ્યું વ્રજનો દેવ બહુ જબરો છે, એની તમારા પર બહુ કૃપા છે. જુઓને, દાવાનળનું દુઃખ એણે કેવું મટાડી દીધું, આ વાત સાંભળી બધા છોકરા હસવા લાગ્યા.

ભગુ—ગુરુજી, આ પ્રભુ તો જુઓ. પોતે દાવાનળ પી ગયા, ને બિચારાં ભોળાંને ભરમાવે છે. મને તો પ્રભુનાં આવાં ચરિત્ર સાંભળી બહુ હસવું આવે છે.

ગુરુજી—ભગુભાઈ, પ્રભુ સૌથી મોટા છે; મોટાને કદી મોટાઈ હોતી નથી. મોટા પુરુષો સદા વિવેકી અને નમ્ર હોય છે, તેમની વાણી સદા અમૃત જેવી મીઠી હોય છે. તો આ તો ભગવાન, સદા ભક્તો રાજી રહે એમ કરે છે. જો પ્રભુ પોતાનું ભગવાનપણું બતાવી દે, તો વ્રજભક્તોને મજા ન આવે. જેની સાથે રમવું હોય તેના જેવા થવું પડે.

પાઠ ૨૫ મો.

પ્રભુનાં દર્શન.

ગુરુજી—કનુભાઈ, તમે કોઈ દિવસ પ્રભુનાં મંદિરમાં દર્શન કરવા જાઓ છો કે?

કનુ—ના ગુરુજી હું નથી જતો, પણ મારાં માતાજી રોજ દર્શન કરવા જાય છે. એક પણ દિવસ એવો નથી જતો કે મારાં માતાજી મંદિરમાં દર્શન કરવા ન જાય.

ભગુ—ગુરુજી, મારાં માતાજીની જોડે હું તો રોજ દર્શન કરવા જાઉં છું, મારાં માતાજી તો પ્રભુજીને ખુબ કાલાવાલા કરે છે. વળી કોઇવાર દર્શન થવાની વાર હોય તો પ્રભુને પહેરાવવા માટે ફુલની માળા પણ ગુંથે છે. મારાં દાદીમા તો હું નાનો હતો, ત્યારે પણ મને કેડે બેસાડીને દર્શન કરવા લઈ જતાં, અને મને દર્શન કરતાં ન આવડે, ત્યારે મારા હાથ ઝાલીને જે જે કરીને મને દર્શન કરાવે. વળી એ મંદિરમાં એક ડોસો હતો, તે રોજ મને [illegible] મિઠાઈ આપે. એટલે જો કોઇ દિવસ મને ન લઈ જાય તો હું તો ખુબ રડું.

ગુરુજી—ભગુભાઈ, તમે મંદિરમાં જાઓ છો, ત્યારે શું કરો છો.

ભગુ—ગુરુજી, હું તો બે હાથ જોડીને પગે લાગું છું, વળી ઉંધો સુઇ જઇને જમીનપર પગે પડું છું, કારણકે મારા બાપાજી જોડે હું એકવાર દર્શન કરવા ગયો, ત્યારે એ એવી રીતે પગે [illegible]યા, એટલે હું પણ શીખી ગયો. મંદિરમાં બહુજ આનંદ આવે છે, એ સ્થાન બહુ પવિત્ર લાગે છે. વળી જુદી જુદી સુગંધી વાળા પવન આવી મનને શાંત કરે છે. પ્રભુમાંજ આનંદ છે. બીજે ક્યાંએ નહિ.

ગુરુજી—ભગુભાઇ, તું તો પ્રસાદીઓ ભગત, તારાં દાદીમા તને લઈ ન જાય, ત્યારે તું રડું, એ પણ ખરી ભક્તિ ! ! ! આ સાંભળી બધા હસી પડયા.

ભગુ—ગુરુજી નાના હોઇએ, ત્યારે તો એવાજ હોઇએ. આજે કંઇ એવો છું.

ગુરુજી—ભગુ, તમને ધન્ય છે, નાનપણથી તમને ટેવ એવી પડી છે, તેથી તમે અત્યારે પણ દર્શન કરવા જાઓ છો. વધારે નહિ તો દિવસમાં એક વખત તો દર્શન કરવા જવુંજ જોઇએ. પવિત્ર ચિત્તે પ્રભુનાં દર્શન કરીએ, તો ખૂબ આનંદ થાય.

કેનુ—ગુરુજી, હવે ભગુભાઈ જોડે હું રોજ દર્શન કરવા જઈશ, ભગુભાઇ મારો સંઘાત કરશો ?

ભગુ—બેશક, તમે રોજ મારી જોડે આવજો, ઉલટું મને આનંદ થશે " એકથી બે ભલા. "

બાબુ—ગુરુજી, એકવાર હું મંદિરમાં દર્શન કરવા ગયો, ત્યારે મારાપર રંગ છાંટયો, ત્યાર પછી હું નથી જતો.

ગુરુજી—રંગ છાંટવાનું કારણ એ કે એ પવિત્ર રંગ આપણા શરીર પર પડે તો આપણે પવિત્ર થઇએ. એ રંગ શ્રી ભગવાનનો હોય છે. બોલો, હવે મંદિરમાં દરરોજ દર્શન કરવા કોણ કોણ જશે. લગભગ બધા છોકરાએ દર્શન કરવા જવાનો નિશ્ચય કર્યો.

ભગુ—બધા આજે મારે ત્યાં દર્શન વખતે આવજો. મંદિર મારા ઘર પાસે છે. આપણે સાથે જઈશું.

સમાપ્ત

નાચેના પાઠો પાછળથી ઉમેર્યા છે:—

પાઠ ૨૨ કાલીય નાગ.　　　　પાઠ ૨૪ દાવાનલ પાન

પાઠ ૨૩ કાલીય નાગ નાથ્યો.　　પાઠ ૨૫ પ્રભુનાં દર્શન

વૈષ્ણવધર્મ પતાકા.

આ વૈષ્ણવ બાળશિક્ષા ભા. ૨ જાની બે હજાર પ્રત શ્રીપુંઘરની એક અખંડ સૌ. ભગવતી બેને વૈષ્ણવધર્મ પતાકાના ગ્રાહક પોતાના ખર્ચથી લ્હાણી કરવાની ઇચ્છા જણાવી છે. શુભેચ્છાને માન આપીને આ પુસ્તક તેમના તરફથી લ્હાણી તરીકે આપવામાં આવ્યું છે. તેમની ઇચ્છા તદન ન હોવાથી તેમનું નામ જાહેરમાં મુકવા અશક્ત છીએ ખરેખર, પ ભાવુક વૈષ્ણવોના દૈવી દ્રવ્યનો ઉપયોગ આવી રીતે ધર્મ થાય છે. ધનિકોએ આવા દાખલા લઇ બાળકોમાં ને આવાં ઉપયોગી પુસ્તકો પોતાના ખર્ચે લઇ મફત વહેંચવ જેથી બાળકોની ને બાલિકાઓની ધર્મની લાગણીને ઉત્તેજ

લીનદિ